RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક

Year-16, Issue-263 ■ DATE : 20-02-2026 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

**સુવિચાર**

પેલા અને છેલ્લા શ્વાસની વચ્ચે માણસે જે કામ કર્યા હોય તેના પરથી નક્કી થાય છે કે માણસ મૃત્યુ પછી પણ બીજા કેટલા વર્ષ જીવશે...



મેટોડામાં ભાઈ બહેન પર છરીથી હુમલો : રાજકોટ સિવિલમાં ખસેડાયા P-4

# ગુજરાતમાં પ્રેમલગ્નમાં હવે માતા-પિતાની સંમતિ અનિવાર્ય

**રાજયમાં લવ જેહાદ - ભાગેડુ લગ્ન સામે વિવિધ સમાજ દ્વારા કરાયેલી રજૂઆતનો પડઘો પડયો : અરજી કરશો એ જ મીનીટે માતા-પિતાના વોટ્સઅપમાં માહિતી મળશે : લગ્નનોંધણી માટે વર - વધુએ રૂબરૂ હાજર થવુ ફરજીયાત**



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતમાં હવે આગામી દિવસોમાં ભાગીને કે પરિવારની સંમતિ વગર લગ્ન કરવા અને તેની નોંધણી કરાવવી વધુ મુશ્કેલ બનશે. આજે વિધાનસભામાં રજુ કરાયેલા સુચીત નવી નોંધણી પ્રક્રિયામાં અનેક જોગવાઈ કડક બનાવવામાં આવી છે.

ગુજરાતમાં લવ જેહાદ તથા તે રીતે થતા ભાગેડુ લગ્નમાં વિવિધ સમાજમાં સર્જાઈ રહેલા લગ્ન વિષયક અને સામાજીક સમસ્યાઓ સામે સરકાર સમક્ષ આવેલી રજૂઆત બાદ આજે વિધાનસભામાં ગુજરાત રજીસ્ટ્રેશન ઓફ મેરેજ રૂલ-લગ્ન નોંધણી પ્રક્રિયામાં ફેરફાર કરવા સરકારે નિર્ણય લીધો હોવાની જાહેરાત કરવામાં આવ્યો છે.

જેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ નિયમ ૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો અંગે નિવેદનમાં આ માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે સરકારે કરવા ધારેલા આ પ્રસ્તાવિક સુધારા અંગે વાંધા સુચનો આવશે અને ૩૦ દિવસમાં આવેલા વાંધા સુચનો પર વિચારણા કરીને સરકાર નિર્ણય લેશે.

સરકાર દ્વારા વિધાનસભામાં કરવામાં આવેલી જાહેરાત મુજબ સુચીત નવી નોંધણી પધ્ધતિમાં પ્રથમ તબકકે નોંધણી અરજી બન્ને પક્ષકારો એટલે કે મહિલા અને પુરૂષએ બે સાક્ષીઓની સહીથી અરજી કરવાની રહેશે અને તેને નોટરાઈઝ કરીને આપવી પડશે. આ સાથે બન્ને દ્વારા રાજય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલા ઓળખના પુરાવા જેવા કે ડ્રાઈવીંગ લાયસન્સ કે પાસપાર્ટ કે ફોટો ઓળખપત્ર આપવાના રહેશે.

બીજા તબકકામાં સરકાર દ્વારા લગ્ન નોંધણી અંગે સતા ધરાવતા આસી. રજીસ્ટ્રાર સમક્ષ આ નોંધણી અરજી રજુ થયા બાદ તેની સાથે વધારાના દસ્તાવેજો પણ જોડવાના રહેશે જેમાં વર વધુ બનેલા અને જે સાક્ષીઓ છે તેમના આધારકાર્ડ આપવાના રહેશે. આ ઉપરાંત વર વધુ બનેલા બન્નેનું જન્મનું પ્રમાણપત્ર કે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ પણ આપવાનું રહેશે અને તેની સાથે લગ્નની કંકોત્રી કે આમંત્રણ પત્રીકા રજુ કરવાની રહેશે.

ઉપરાંત વર વધુ બનેલા બન્નેના અલગ અલગ અલગ અલગ પાસપોર્ટ સાઈઝના ફોટા આપવાના રહેશે અને અરજીમાં તેઓએ માતા પિતાને આ લગ્ન બાબતે જાણ કરી છે તે અંગેનું એક સોગંદનામુ (ડેકલેરેશન) પણ જોડવાનુ રહેશે.

આ ઉપરાંત અરજીમાં માતા પિતાના આધારકાર્ડ, પિતાનું પુરૂ નામ તેનું હાલનું અને કાયમી સરનામુ, પિતાના મોબાઈલ નંબર, માતાનું નામ અને સરનામુ અને તેનો મોબાઈલ નંબર પણ અલગથી આપવાના રહેશે.

એક વખત અરજી દાખલ કર્યા બાદ આસી.રજીસ્ટ્રારને ખાત્રી અને સંતોષ થયે ૧૦ દિવસમાં વ્યવહારૂ રીતે શકય બને તે રીતે ઈલેકટ્રોનીક કે ફીઝીકલી રીતે માતા પિતાને આ લગ્ન અંગે જાણ કરાશે.

આસી. રજીસ્ટ્રાર દ્વારા સંભવિત જીલ્લા કે તાલુકાના રજીસ્ટ્રારને તે મોકલી અપાશે અને પેટા નિયમ-૧થી ૭માં દર્શાવ્યા મુજબની જરૂરીયાતો પૂર્ણ થઈ એ ૩૦ દિવસમાં લગ્ન નોંધણી કરાશે. જયારે અંતિમ તબકકામાં તમામ માહિતી સરકાર દ્વારા તૈયાર કરાયેલ ઓનલાઈન પોર્ટલ ઉપર મુકવામાં આવશે.

સીરીયલ નંબર, પેઈઝ નંબર, વોલ્યુમ સહિતની માહિતી મુકાશે ઉપરોકત કાર્યવાહી પૂર્ણ થયેથી રજીસ્ટ્રાર દ્વારા લગ્ન નોંધણીનું પ્રમાણ પત્ર ફોર્મ-૨ મુજબ તૈયાર કરાશે અને તે પોસ્ટ કે વ્યકિતગત રીતે જે તે સંબંધીતને પહોંચાડવામાં આવશે.

વિધાનસભામાં આજે નાયબ મુખ્યમંત્રીએ રજુ કરાયેલા આ પ્રસ્તાવ અંગે ૩૦ દિવસમાં વાંધા અરજીઓ આવ્યા બાદ અંતિમ નિયમો પ્રસિધ્ધ થશે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૭૮/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૪૭/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૫૬,૨૨૦ | ₹૨,૭૦,૦૦૦ |
| | -૩૨૦ | ૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૧.૯૭ | ₹૧૨૨.૩૦ |

## સોનાના વધતા ભાવોને પગલે ગોલ્ડ લોન કંપનીઓએ ગિરવી સોનાની હરાજી પર રોક લગાવી

ગોલ્ડ લોન કંપનીઓએ માર્જિન પર વધતા દબાણ વચ્ચે ફોર કલોઝર (ગિરવી સોનાની હરાજી) પર અસ્થાયી રોક લગાવવાની રણનીતિ અપનાવાઈ છે. કેટલીક મુખ્ય એનબીએફસીએ ફેબ્રુઆરીથી એપ્રિલ સુધી ફોર કલોઝર પ્રક્રિયાને રોકી દીધી છે. જેથી ગ્રાહકોને રાહત આપી શકાય અને સોનાની ઉંચી કિંમતો વચ્ચે પોર્ટફોલિયોની ગુણવત્તા યથાવત રાખી શકાય. સોનાના ભાવમાં ભારે ઉછાળો અને હરીફાઈના કારણે વ્યાજ માર્જિન ૩.૫ ટકામાં સમેટાઈ ગયું છે. ફાયનાન્સ અને મન્નાપુરમ ફાયનાન્સ કંપનીઓનું યીલ્ડ ૨૨ ટકાથી ઘટીને લગભગ ૧૮ ટકા રહી ગયું છે. આ સ્થિતિમાં કંપનીઓ આક્રમક રિકવરીના બદલે ગ્રાહક સંબંધ જાળવી રાખવા અને જોખમ વ્યવસ્થાને પ્રાથમિકતા આપી રહી છે. સોનાની કિંમતો એમસીએકસ પર ૭૫ ટકા સુધી ચડી ચૂકી છે. કેટલીક કંપનીઓની ગોલ્ડ હોલ્ડીંગ ૨૦૦ ટન પર સ્થિર. વિશ્લેષકો અનુસાર આગળ ૧ ટકા સુધી યીલ્ડ ઘટવાની આશંકા.

## છળ-કપટથી દિકરીઓને ફસાવનારને છોડાશે નહીંઃ હર્ષ સંઘવી



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજય સરકાર દ્વારા લગ્નનોંધણી કાનુનમાં કરવામાં આવેલા ફેરફાર સંદર્ભમાં આજે માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે લગ્ન એ ભારતમાં ૧૬ સંસ્કારોમાં મહત્વનું એક સંસ્કાર છે અને ભારતની પરંપરા જાળવવાના હેતુથી આ ફેરફાર કરવામાં આવ્યા છે. વિધાનસભામાં નવા લગ્નનોંધણી કાનુન અંગે પ્રસ્તાવ રજુ કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે સરકાર પ્રેમ લગ્ન વિરોધી નથી પરંતુ જેઓ છળ, કપટથી અને ભોળીભાળી દિકરીઓને ફસાવશે તો તેને છોડવામાં આવશે નહી.

સંઘવીએ પત્રકારો સાથે આ મુદે વ્યાપક વાતચીત કરી હતી અને કહ્યું કે આ સમગ્ર નવા સુધારામાં લગ્ન કરનાર યુવક-યુવતીઓ અને માતા-પિતા બંનેનું હિત જળવાઈ રહે તે જોવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું કે રાવણ માતા સીતાનું હરણ કરવા સાધુના વેશમાં આવ્યો હતો. પરંતુ આપણે તે થવા દેશુ નહી અને હું દિકરીના ભાઈ તરીકે ઉભો રહેવા માટે તૈયાર છું.

## કાયમી ભરતીમાં હવે ફિક્સ પગારની નોકરીનો અનુભવ માન્ય ગણાશે

**રાજ્યની સરકારી યુનિવર્સિટીઓમાં પ્રોફેસર અને અન્ય ઉચ્ચ પદોની ભરતી નિયમોમાં ઐતિહાસિક સુધારો**

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓ માટે શિક્ષણ વિભાગે મહત્વપૂર્ણ પરિપત્ર બહાર પાડી ભરતી નિયમોમાં મોટો સુધારો કર્યો છે. અત્યાર સુધી પ્રોફેસર અને અન્ય ઉચ્ચ પદોની ભરતી દરમિયાન ફિક્સ પગાર પર અધ્યાપક સહાયક તરીકે કરવામાં આવેલી સેવા અનુભવ તરીકે માન્ય ગણાતી નહોતી, જેના કારણે અનેક લાયક ઉમેદવારો વંચિત રહી જતા હતા. હવે નવા નિર્ણય મુજબ ૫ વર્ષ સુધીનો ફિક્સ પગારનો શૈક્ષણિક અનુભવ માન્ય ગણાશે.



આ નિર્ણયનો આધાર અગાઉ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંદર્ભે અપાયેલા અભિપ્રાય પર રાખવામાં આવ્યો હતો. હવે તે જ અભિપ્રાયનો અમલ રાજ્યની તમામ ૧૪ મુખ્ય સરકારી યુનિવર્સિટીમાં ફરજિયાત કરવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે, ભરતી પ્રક્રિયામાં ચાલતી વિસંગતતા દૂર કરી સમાનતા જાળવવામાં આવે. આ નવો નિયમ ગુજરાત યુનિવર્સિટી, એમ.એસ. યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તેમજ બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સહિતની તમામ સરકારી યુનિવર્સિટીમાં લાગુ પડશે.

શિક્ષણવિદોના મત મુજબ, આ સુધારાથી લાંબા સમયથી ફિક્સ પગારે સેવા આપતા અધ્યાપક સહાયકોને ન્યાય મળશે અને ઉચ્ચ પદોની ભરતીમાં તેમની તક વધશે. સાથે-સાથે ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા અને સમાનતા પણ સુનિશ્ચિત થશે.

## લે કર વાત... મહાકાલેશ્વરના મંદિરમાં આરતીના દર્શન માટે હવે ચૂકવવો પડશે રૂ.૨૫૦નો ચાર્જ



**મુખ્ય સમાચાર, ઉજ્જૈન**

ભગવાનની ભક્તિ ભાવ અને ભક્તિથી કરવામાં આવે છે પણ મહાકાલની આરતીના દર્શન માટે તમારું ખિસ્સુ પણ ભરેલુ હોવુ જોઈશે, મતલબ કે મહાકાલની આરતીના દર્શન માટે ૨૫૦ રૂપિયા ભરવા પડશે.

સંધ્યા આરતીનું બુકીંગ બપોરે ૧૨ વાગ્યે અને શયન આરતીનું બુકીંગ બપોરે ૪ વાગ્યે શરૂ થશે. દર ભસ્મ આરતી સવારે ૪ વાગ્યે થશે. જેના માટે ૨૦૦ રૂપિયા ચાર્જ નકકી કરવામાં આવ્યો છે. આરતીના દર્શન માટેનું બુકીંગ ઓનલાઈન થશે.

ડિજીટલ સુવિધાના આરંભથી પુર્વ વ્યવસ્થા સમીતીના પ્રશાસક પ્રથમ કૌશિકે ગુરુવારે આરતી સ્થળ, પ્રવેશ માર્ગ, કાઉન્ટર વ્યવસ્થા અને ટેકનીકલ નિયંત્રણ કક્ષનું નિરીક્ષણ કરી વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

પોર્ટલનો પ્રારંભ થતા જ તેમણે પ્રથમ સંધ્યા આરતીની ઓનલાઈન બુકીંગ વ્યવસ્થાનો આરંભ કર્યો હતો. મંદિર પ્રશાસને શ્રદ્ધાળુઓને આગ્રહ કર્યો હતો કે તેઓ માત્ર અધિકૃત વેબસાઈટ પરથી જ બુકીંગ કરાવે. કોઈ વચેટીયા એ અનધિકૃત માધ્યમથી બુકીંગ ન કરાવે અને નિર્ધારિત રકમથી વધુ રકમ કોઈને ન આપે.

મહાકાલ મંદિરમાં ૪ માર્ચ, ચૈત્ર કૃષ્ણ પ્રતિપદાથી ગ્રીષ્મકાલીન દિનચર્યા લાગુ થશે. બાબા મહાકાલનો અભિષેક હવે ઠંડા પાણીથી કરવામાં આવશે. મંદિર પ્રશાસનના અનુસાર દરરોજ થનારી પાંચ આરતીઓમાંથી ત્રણ આરતીઓના સમયમાં ફેરફાર થશે.

નવી વ્યવસ્થા શરદ પુનમ સુધી અસરમાં રહેશે. પરંપરા અનુસાર વર્ષમાં બે વાર હવામાનને અનુરૂપ ભગવાનની સેવા-પૂજા અને આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવે છે.

## AI ઈમ્પેક્ટ સમિટમાં યુથ કોંગ્રેસના કાર્યકરોનો હોબાળો

**ભારત મંડપમમાં ટી-શર્ટ ઉતારી નારેબાજી**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજધાનીના પ્રગતિ મેદાન સ્થિત ભારત મંડપમ ખાતે ચાલી રહેલી હાઈ-પ્રોફાઇલ AI' ઈમ્પેક્ટ સમિટ દરમિયાન આજે ત્યારે ભારે હોબાળો મચી ગયો હતો. જ્યારે યુથ કોંગ્રેસના કાર્યકરો સુરક્ષા કોર્ડન તોડીને સંકુલની અંદર ઘૂસી ગયા હતા.

પ્રદર્શનકારીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ આક્રમક સૂત્રોચ્ચાર કર્યા હતા અને ''PM is Compromised'' ના નારા લગાવ્યા હતા. જે સમયે આ વિરોધ પ્રદર્શન થયું, તે સમયે સમિટમાં દેશ-વિદેશના અનેક દિગ્ગજો અને પ્રતિનિધિઓ હાજર હતા. યુથ કોંગ્રેસના કાર્યકરો અચાનક બેનરો અને પોસ્ટરો સાથે મુખ્ય હોલ પાસે પહોંચી ગયા હતા. સુરક્ષાકર્મીઓએ




તરત જ હરકતમાં આવીને દેખાવકારોની અટકાયત કરી હતી અને તેમને સંકુલની બહાર કાઢ્યા હતા.

દિલ્હી પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું કે, AI સમિટમાંથી કેટલાક કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરવામાં આવી છે. પોલીસનું કહેવું છે કે, તેઓ આરોપીઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરશે. આ સાથે જ આ બાબતની પણ તપાસ કરવામાં આવી રહી છે કે આટલા કડક સુરક્ષા બંદોબસ્ત હોવા છતાં કાર્યકરો અંદર પહોંચવામાં સફળ કેવી રીતે રહ્યા.

## ઈરાનને ૧૫ દિવસનું અલ્ટીમેટમ આપતા ટ્રમ્પ

**ઓમાનની ખાડીમાં રશિયા - ઈરાને યુદ્ધ અભ્યાસ શરૂ કર્યો**

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકા આ સપ્તાહના અંત સુધીમાં ઈરાન પર હુમલો કરી શકે છે તેવા સંકેત વચ્ચે હવે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને પરમાણુ સમજુતી માટે ૧૫ દિવસનું અલ્ટીમેટમ આપતા પ્રમુખ સામે અમેરિકા પણ વિકલ્પ વિચારતુ હોવાના સંકેત મળ્યા છે.

જો કે ઈરાન જરાપણ ગફલતમાં રહેવા માગતુ નથી અને તે વચ્ચે હવે રશિયાએ પણ સક્રિયતા દર્શાવી



ઓમાનની ખાડીમાં અને હીન્દ મહાસાગરમાં ઈરાન સાથે નૌકાદળ યુદ્ધ અભ્યાસ શરૂ કરી દેતા સમગ્ર સ્થિતિને એક નવો વળાંક મળી ગયો છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે એરફોર્સ વનમાં પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે ઈરાન એ જો પરમાણુ સમજુતી માટે તૈયાર હોય તો તેની પાસે ૧૦-૧૫ દિવસનો સમય છે અને તે સમયમાં કોઈ મહત્વપૂર્ણ સમજુતી નહી થાય તો ઈરાનની સ્થિતિ દુર્ભાગ્યપૂર્ણ હશે અને અમેરિકા આગળનું કદમ ઉઠાવી શકે છે.

અમેરિકાએ દબાણ વધારવા માટે આ ક્ષેત્રમાં તેની તાકાત વધારી છે. યુએસએસ અબ્રાહમ લિંકન બાદ હવે વધુ એક અમેરિકાનું સૌથી મોટુ વિમાનવાહક જહાજ યુએમએમ જેરાલ્ડ ફોર્સ પણ આ ક્ષેત્રમાં આવી રહ્યું છે તો બીજી બાજુ હવે રશિયા પણ સક્રિય બની ગયુ છે. મોસ્કોએ એક કડક સંદેશ મોકલતા જાહેર કર્યુ છે કે ઈરાન પરનો હુમલો સહન કરી લેવાશે નહી.

ઈરાનની સેના, રીવોલ્યુશનથી ગાર્ડ અને રશિયાના નૌકાદળે મેરીટાઈમ સિકયોરિટી બેલ્ટ ક્ષેત્રમાં યુદ્ધ અભ્યાસ શરૂ કર્યુ છે. ઓમાનની ખાડી ક્ષેત્રમાં આ સમુદ્રી વ્યાપારી માર્ગ છે. જયાં આંતરરાષ્ટ્રીય જળસીમામાં અમેરિકાનો જમાવડો છે.

જો કે રશિયાએ આ યુદ્ધ અભ્યાસને અગાઉથી નિશ્ચિત કરેલો ગણાવ્યો છે છતાં સ્પષ્ટ શબ્દોમાં માનવામાં આવે છે કે સમુદ્રી વાસીઓ સામે વ્યાપારી જહાજોને સુરક્ષા આપવા માટે આ કવાયત છે પણ જે રીતે રશિયન યુદ્ધ જહાજોની મોજૂદગી છે તે અમેરિકાને જવાબ માનવામાં આવે છે.

## સૌરાષ્ટ્રમાં ડબલ ઋતુનો અહેસાસઃ સુરત - અંકલેશ્વર - છોટાઉદેપુરમાં ભરશિયાળે વરસાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત હવામાન પલ્ટો સર્જાય રહ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ ઋતુ (ઠંડી- ગરમી) પ્રવર્તી રહી છે. જયારે ગુજરાતનાં અમુક ભાગોમાં બે દિવસથી કમોસમી વરસાદ પડી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો છે.

આજે (૨૦ ફેબ્રુઆરી) વહેલી સવારથી જ સુરત, અંકલેશ્વર, હાંસોટ, ગોધરા, પંચમહાલ સહિતના વિસ્તારમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. ઝાપટાં પડ્યા બાદ ધોધમાર વરસાદ શરૂ થતાં લગ્નપ્રસંગોમાં અડચણ ઊભી થઈ હતી અને મંડપો પલળી ગયા હતા.

અંકલેશ્વર અને હાંસોટ પંથકમાં સવારે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. કમોસમી વરસાદ વરસતાં સમગ્ર વિસ્તારમાં ઠંડક



પ્રસરી ગઈ હતી. હાંસોટ તાલુકાના ઈલાવ, સાહોલ, બાલોતા, સુણેવ, ઓભા સહિતના ગામોમાં વરસાદ નોંધાયો છે. આ કમોસમી વરસાદને કારણે ખેતીના ઉભા પાકને નુકસાન થવાની શક્યતાથી ખેડૂતોમાં ચિંતાનો માહોલ છે. તો હવામાનમાં આવેલા આ અચાનક ફેરફારની સામાન્ય જનજીવન પર પણ અસર જોવા મળી હતી.

તથા છોટાઉદેપુર જિલ્લાના સંખેડા પંથકમાં અચાનક વાતાવરણમાં પલટો નોંધાયો છે. સવારે ૪:૩૦ કલાકે ચોમાસાની જેમ કમોસમી વરસાદ શરૂ થયો હતો. આ કમોસમી વરસાદ કપાસની ખેતી કરતા ખેડૂતો માટે ચિંતાનો વિષય બન્યો છે. વડોદરાના વાતાવરણમાં પણ પલટો જોવા મળી રહ્યો છે. ઘણા વિસ્તારમાં છાંટા પડ્યાં હતાં.

હવામાન વિભાગના જણાવ્યાં મુજબ, હાલ રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટરબન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ એમ ત્રણ સિસ્ટમ સક્રિય હોવાથી કેટલાક વિસ્તારોમાં વરસાદ તો કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે.

આગામી કેટલાક દિવસોમાં આશરે ૩૦થી ૪૦ કિમી પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. ઉત્તર પશ્ચિમના પવનોની ગતિ પણ સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. ૨૪ ફેબ્રુઆરી દરમિયાન રાજ્યમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેવાની સંભાવના છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીમાં સાઈડ આપવા મુદ્દે યુવાનની છરીના આડેધડ ઘા મારી હત્યા મામલે બે આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ

## શનાળા રોડ પર રંગોલી આઈસ્ક્રીમ પાસે બનાવ, બે બાળ કિશોર સામે એ ડિવિઝન પોલીસ માથકમાં ગુનો નોંધાયો







**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં શનાળા રોડ ઉપર ઍક્સેસ મોપેડને સાઈડ આપવા બાબતે થયેલી બોલાચાલીએ ગંભીર સ્વરૂપ ધારણ કરતાં કાર ચાલક યુવાન જતિન આડેસરાની છરીના ઘા મારી હત્યા કરાઈ હોવાનું સામે આવ્યું છે. હત્યા મામલે મૃતકના મોટાભાઈની ફરિયાદના આધારે સીટી એ ડિવિઝન પોલીસે સગીર વય ધરાવતા બે બાળ કિશોર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોરબીમાં સત્યમપાન વાળી શેરી ભક્તિનગર-૨ વિસ્તારમાં રહેતા મૌલિક રસિકલાલ આડેસરા ઉવ.૪૧ એ બે સગીર આરોપીઓ વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, તેમનો નાનોભાઈ જતિનભાઈ આડેસરા ગઈકાલ તા. ૧૯/૦૨/૨૦૨૬ના રોજ બપોરે રાજકોટથી તેમની હ્યુન્ડાઈ ઓરા કાર રજી.નં. જીજે-૩૬-એએફ-૪૪૬૪ લઈને મોરબી પરત ફરી રહ્યા હતા. ત્યારે રાત્રે આશરે ૧૦ વાગ્યાના અરસામાં શનાળા રોડ પર રંગોલી આઇસ્ક્રીમ દુકાન નજીક ગાડીની સાઈડ આપવા બાબતે એક એક્સેસ બાઈક પર આવેલા બે વ્યક્તિઓ સાથે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન અન્ય સગીર આરોપીએ જતિનભાઈને પકડી રાખ્યા હતા જ્યારે પહેલા સગીર આરોપીએ જતીનભાઈને છરી વડે ડાબા પડખા, પાછળના ભાગ અને બેઠકના ભાગે ત્રણ જેટલા ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત જતિનભાઈને તાત્કાલિક ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું. બનાવ સમયે મૃતક સાથે તેમના બહેન ચેતનાબેન તથા તેમના પત્ની અને સગાઓ સાથે હોવાનું જણાવ્યુ છે. હાલ પોલીસે બન્ને સગીર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

# ઉનાના દેલવાડાની શાહી જુલતા મિનારા મસ્જિદને રમઝાન માસ નિમિત્તે તિરંગાની થીમ પર શણગારવામાં આવી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના પંથક ના દેલવાડા ગામે મોહમ્મદ તઘલખ ના સમયકાળ દરમિયાન વર્ષ ૧૨૯૧ માં બનાવવ-ામાં આવેલી શાહી જામા મસ્જિદ કે જેને જુલતા મિનારા મસ્જિદ થી ઓળખવામાં આવે છે તે મસ્જિદ ને દેલવાડા જામા મસ્જિદ ટ્રસ્ટ ની ખૂબ જ વ્યવસ્થિત રીત ની જાળવણી થી ૭૩૫ વર્ષ થયા છતાંય આજે અડીખમ ઊભા છે જેની મુલાકાતે દેશ વિદેશ ના સહેલાણીઓ આવી જુલતા મિનારા જોઈ અચંબા માં પડી મંત્રમુગ્ધ બની જાય છે જે જુલતા મિનારા મસ્જિદ ને મુસ્લિમ સમાજ નો પવિત્ર તહેવાર રમઝાન માસ શરૂ થતાં દર વર્ષે અવનવી થીમ ઉપર લાઈટિંગ કરી શણગારવામાં આવે છે જે બંને જુલતા મિનારા ને આ વર્ષે રમઝાન માસ શરૂ થતાં તિરંગા ની થીમ ઉપર ખુબજ શાનદાર રીતે લાઈટિંગ થી શણગારવામાં આવ્યા છે જે દર્શકો ને તસવીર મારફતે દેખાઈ રહ્યા છે અને ત્યાંથી પસાર થતાં તમામ સમાજ ના સૌ કોઈ લોકો પોતાના મોબાઈલ માં ફોટો ક્લિક કરી સોશિયલ મીડિયામાં વાયરલ કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

## ITRA, જામનગર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ- ૨૦૨૬ નિમિત્તે

# સરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે સાયન્સ ફિલ્મ શોનું આયોજન




**મુખ્ય સમાચાર, જામનગર**

ITRA, જામનગર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ-૨૦૨૬ ની ઉજવણી નિમિત્તે 3D સાયન્સ ફિલ્મ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીએ ઉજવવામાં આવે છે, જે ભારતીય ભૌતિકશાસ્ત્રી સી. વી. રમણ દ્વારા ૨૮ ફેબ્રુઆરી, ૧૯૨૮ના રોજ રમણ ઈફેક્ટ ની શોધની યાદમાં ઉજવવામાં આવે છે. આ ઐતિહાસિક શોધ બદલ તેમને ૧૯૩૦માં ભૌતિકશાસ્ત્ર માટેનો નોબેલ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.આ ૩ સાયન્સ ફિલ્મ શો અંતર્ગત જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળની વિવિધ સરકારી શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૧૦ ના અંદાજે ૨૫૦૦ વિદ્યાર્થીઓને ફિલ્મ બતાવવામાં આવી રહી છે.

આ ફિલ્મ શો ખાસ સરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે રચાયેલ છે અને તેનો સંપૂર્ણ ખર્ચ ITRA, જામનગર દ્વારા વહન કરવામાં આવ્યો છે.ત્રણ દિવસીય 3D સાયન્સ ફિલ્મ શો. કાર્યક્રમનું આયોજન રાજમાતા ગુલાબકુનવરબા ઓડિટોરિયમ, ધન્વંતરી મંદિર, ડી.કે.વી. સર્કલ નજીક, જામનગર ખાતે કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમ માટે ITRA દ્વારા વિદ્યાર્થીઓ માટે નિશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ એમ. ડી. મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધ્રોલના સહયોગથી યોજાઈ રહ્યો છે.

વિદ્યાર્થીઓને તેમના શાળાએથી કાર્યક્રમ સ્થળ સુધી અને પરત શાળાએ પહોંચાડવા માટે જરૂરી પરિવહન સુવિધા પણ જામનગર મહાનગરપાલિકા શૈક્ષણિક સમિતિ દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે.કાર્યક્રમનું ઉદઘાટન જિલ્લા શિક્ષણ અધિકારી વિપુલ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ITRA, જામનગરના ડેપ્યુટી ડિરેક્ટર અંડર ગ્રેજ્યુએટ. ડૉ. વર્ષા આર. સોલંકી ઉપસ્થિત રહ્યાં હતાં.આ મહિના દરમિયાન આયોજિત વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનું સંકલન બાયોકેમિસ્ટ્રી લેબોરેટરીના વડા ડૉ. ગોપીનાથ અગ્નિહોત્રમ દ્વારા, ITRAના ડિરેક્ટર ડૉ. તનુજા નેસરીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ કરવામાં આવી રહ્યું છે.

# મોરબી વચગાળાના જામીન મેળવી ફરાર થયેલ કેદી કલોલથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડ ટીમે વચગાળાની રજા પર છૂટ્યા બાદ ફરાર થયેલા આજીવન સજાના કેદી શૈલેષ ઉર્ફે તીતલી પોપટને કલોલ જી. ગાંધીનગરથી ઝડપી પાડી ફરી રાજકોટ જેલ હવાલે કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી પોલીસ અધિક્ષકની સૂચના મુજબ નાસતા ફરતા તથા પેરોલ જમ્પ કરેલ આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તેના અનુસંધાને મોરબી ક્રાઇમ બ્રાંચ (એલ.સી.બી.) તથા પેરોલ ફર્લો સ્કવોડની ટીમ સતત મોનિટરિંગ અને ખાનગી બાતમીના આધારે કાર્યવાહી કરી રહી હતી. આ દરમિયાન મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હત્યાના ગુનામાં રાજકોટ જીલ્લા જેલમાં સજા ભોગવી રહેલો પાકા કામનો કેદી શૈલેષ ઉર્ફે તીતલી પોપટ ઉર્ફે ભોલો ઉર્ફે એલીયન રણછોડભાઈ ચાવડા રહે. રાજપરા તા. ચોટીલા જી. સુરેન્દ્રનગર વાળો તા.૧૭/૧૨/૨૦૨૫ના રોજ ૧૦ દિવસની વચગાળાની રજા પર મુક્ત થયો હતો. રજાની મુદત પૂર્ણ થતાં તા.૨૮/૧૨/૨૦૨૫ના રોજ તેને રાજકોટ જીલ્લા જેલ ખાતે હાજર થવાનું હતું, પરંતુ તે હાજર રહ્યો ન હતો અને ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ મોરબી એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડે ટેકિન્કલ અને હ્યુમન સોર્સીસથી મળેલ ખાનગી બાતમીને આધારે આરોપીને કલોલ ખાતે તળાવ રોડ વિસ્તારમાં એમ.કે. મોબાઇલ પાસે દરોડો પાડી આરોપી શૈલેષ ઉર્ફે તીતલી પોપટ ઉર્ફે ભોલો ઉર્ફે એલીયન રણછોડભાઈ ચાવડાને ડિટેઇન કર્યો હતો. હાલ તેને કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી ફરી રાજકોટ જીલ્લા જેલ હવાલે કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ઉનામાં હિંદુ મુસ્લિમ સમાજના એકતાના પ્રતીક હજરત શાહ બાપુના ઉર્ષની ઉજવણી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના શહેરમાં આવેલ હિન્દુ મુસ્લિમ સમાજના એકતાના પ્રતીક તેવા હજરત શાહ બાપુનું ઉર્સની ઉજવણી હજારો શ્રદ્ધાળુ ઉમટીયા હતા વાત કરવામાં આવેતો હર વર્ષની જેમ આ વર્ષે પણ ઉર્સની ઉજવણી કરવામાં આવી જેમાં હિન્દુ મુસ્લિમ ભાઈઓ મોટી સંખ્યામાં જોડાયા અને છેલ્લા ત્રણ દિવસથી આ વર્ષની ઉજવણી ચાલતી હોય છે જેમાં ન્યાજ નજરાણું પણ થતું હોય છે સાથે કવાલીનો પણ પ્રોગ્રામ થતો હોય છે લોકો દૂર દૂરથી બાપુના દર્શન કરવા આવતા હોય છે જેમાં ખાસ કરીને ઘાંચી સમાજ દ્વારા ખૂબ મોટી ન્યાજ કરવામાં આવતી હોય છે લગભગ આશરે ૧૫ થી વધુ દેગો બનાવવામાં આવતી હોય છે અને દરગાહ પર ચદર તેમજ ફૂલ ચઢાવવામાં આવતા હોય તો અહીં માન્યતા છે કે જે માંગ હોય એ મળી જાય છે તે લોકોની પણ આસ્થા છે ત્રણ દિવસ ચાલતા મેળામાં લોકો ખૂબ મોટા મોટા સ્ટોલ પણ નાખે છે અને પોતાની રોજી રોટી પણ મેળવે છે અને દરગાહમાં પણ આવક થાય છે હિંદુ મુસ્લિમ ભાઈઓ અહીં આવીને પોતાની મનોકામના માંગે છે અને તે બાપુ પૂરી પણ કરે છે અહીંનો ઇતિહાસ પણ ખૂબ મોટો છે કહેવામાં આવે છે કે પીરહજરત શાહ બાપુ હજારો વર્ષ પહેલા એક બળદ ગાડું લઈને આવ્યા હતા અને તે અહીં પીર થઈ ગયા તેઓ લોકોનું કહેવું છે જ્યારે આજે ઉર્સ પૂર્ણ થયું લોકો મોટી સંખ્યામાં જોડાયા અને આ ઉર્સની ઉજવણી કરી હતી

# જામનગરમાં સત્યમ કોલોની અંડરબ્રિજ નજીકના ખરાબ રસ્તા મુદ્દે સ્થાનિકોનો હલ્લાબોલ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરમાં સત્યમ કોલોની અંડરબ્રિજ નજીકની આસપાસની સોસાયટી વિસ્તારમાં એક કોન્ટ્રાક્ટર છેલ્લા બે મહિનાથી રોડનું કામ અધૂરું મૂકીને છૂમંતર થતાં સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. અધૂરું કામ અને ખરાબ રસ્તાના કારણે સ્થાનિકોને અવર-જવરમાં ભારે હાલાકી વેઠવી પડી રહી છે.

અંડરબ્રિજ નજીકના ખરાબ રસ્તા મુદ્દે સ્થાનિકોનો હલ્લાબોલ.આ મામલે અનેક વાર રજૂઆતો કરવા છતાં કોઈ ન્યાય નહીં મળતાં આખરે સ્થાનિક વિસ્તારની મહિલાઓ આજે રણચંડી બની હતી, અને સત્યમ કોલોની અંડરબ્રિજ વાળો માર્ગ કે જેને આડે માનવ સાંકળ બનાવીને હલ્લાબોલ કર્યો હતો. જેથી વાહન વ્યવહાર થંભી ગયો હતો અને ભારે હોબાળો મચ્યો હતો.કોન્ટ્રાક્ટર કામ અધૂરું મૂકી છૂમંતર થતાં સ્થાનિકોનો વિરોધ.મહિલાને રસ્તો ખુલ્લો કરવા માટે, અને હટી જવા માટે વાહન ચાલકોએ જણાવતાં મહિલાઓએ તમામ વાહન ચાલકોને ઘસીને ના પાડી દીધી હતી. આ દરમિયાન વિરોધ નોંધાવી રહેલી મહિલાઓએ કહ્યું હતું કે, ફરીને જવું હોય તો જઈ શકો છો, અહીંથી રસ્તો ખુલશે નહીં. અનેક રજૂઆતો કરવા છતાં અમારું કોઈ સાંભળતું નથી, માટે હારી-થાકીને આ પગલું ભરવું પડ્યું છે. સ્થાનિકો પણ રોડ પર આવી જતાં ચક્કાજામ સર્જાયો હતો.આ મામલે જાણ થતાં સિટી સી. ડિવિઝનનો પોલીસ કાફલો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચ્યો હતો, અને ભારે મથામણ અને રકઝક કર્યા પછી સ્થાનિકોને દૂર કર્યા હતા. જયારે.મહાનગરપાલિકાના અધિકારીઓને પણ સ્થળ પર બોલાવીને સ્થાનિકોને પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે પોલીસે પ્રયાસ કર્યા હતા.

# જામનગરમાં બોલેરો પીકઅપ વાહનના ચોરખાનામાં સંતાડવામાં આવેલ ઈંગ્લિશ દારૂની ૩૬ બાટલી ઝડપાઈ : આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર ડો. રવિમોહન સૈનીએ કરેલ સુચના તથા માર્ગદર્શન મુજબ જામનગર શહેર નાયબ પોલીસ અધીક્ષક જયવીરસિંહ ઝાલાએ વધુમાં વધુ પ્રોહીના કેસો કરી પ્રોહી.ની બદી નાબુદ કરવા સુચના કરેલ હોય.જે સુચના અન્વયે સીટી બી પો.સ્ટે.ના પોલીસ ઇન્સપેકટર પી.પી.ઝાએ કરેલ સુચના અન્વયે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ એમ.વી.મોઢવાડીયા સાહેબ તથા સર્વેલન્સ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પો.હેડ.કોન્સ ક્રિપાલસિંહ સોઢા પો.કોન્સ જયદીપસિંહ જાડેજા તથા પો.કોન્સ. કલ્પેશભાઇ અઘારા નાઓને ચોકકસ સયુંક્ત બાતમી મળેલ કે રામેશ્વરનગર, વિનાયક પાણીના ટાંકા પાસે પ્રશાંત મેરેજ હોલ પાસે એક સફેદ કલરની બોલેરો પીક અપ કાર નં. જીજે-૧૦-ટીએક્ષ-૮૯૬૭ પડેલ છે જેમાં પાછળના ભાગે સામાન ભરવાની પ્લેટ નીચે એક ચોર ખાનુ બનાવેલ છે જે ચોરખાનામા છુપાવીને ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ છે જે બાતમી આધારે સદર જ્ગ્યાએ રેઈડ કરતા બીનવારસી હાલતમાં ઉપરોકત પીક-અપ કાર મળી આવેલ જેની ઝડતી કરતા પીક-અપ કારની પાછળ સામાન ભરવાની પ્લેટ નીચે એક ચોર ખાનુ મળી આવેલ જેમાથી ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલો નંગ ૩૬ તથા એક બોલેરો પીક-અપ કાર મળી કુલ કી.રૂ.૪,૩૯,૬૦૦નો મુદામાલ મળી આવેલ. અટક કરવા પર બાકી આરોપી ફરારી.ફરારી બોલેરો પીક અપ કાર.નં.જીજે-૧૦-ટીએક્સ-૮૯૬૭ નો ચાલક તથા તપાસમા ખુલે તે તમામ.કબ્જે કરેલ મુદામાલ.ભારતીય બનાવટની વીદેશી દારૂની બોટલો નંગ ૩૬ તથા એક બોલેરો પીકઅપ કાર મળી.કુલ.કિ.રૂ.૪,૩૬,૬૦૦.મજકુર આરોપી વિરુધ્ધ ધોરણસર થવા પો.કોન્સ જયદીપસિંહ જાડેજાએ ફરીયાદ આપી પો.હેડ કોન્સ. ક્રિપાલસિંહ પી.સોઢા એ કાર્યવાહી કરેલ છે.આ કામગીરી પોલીસ ઈન્સ. પી.પી.ઝા.તથા પો.સબ.ઈન્સ એમ.વી.મોઢવાડીયા તથા એ.એસ.આઈ રાજેશભાઇ વેગડ તથા પો.હેડ.કોન્સ દશરથસિંહ પરમાર, ક્રીપાલસિંહ સોઢા તથા પો.કોન્સ કલ્પેશભાઈ અઘારા, જયદીપસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ વાઢેર, સાજીદભાઈ બેલીમ તથા પ્રહલાદસિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલ છે.

# જામનગર જિલ્લામાં બાઇક ચોરીના બે બનાવ સામે આવ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં બાઇકચોરીના બે બનાવ સામે આવ્યા છે. જાનગર શહેરમાં રોજી પેટ્રોલ પંપથી જકાતનાકા રોડ પરથી તેમજ કાલાવડના ટોડા ગામેથી કોઇ અજાણ્યા તસ્કરો મોપેટ તથા મોટરસાઇકલ હંકારી ગયા હતાં.બન્ને બનાવમાં પોલીસે ફરિયાદના આધારે આ અજાણ્યા તસ્કરોની તપાસ હાથ ધરી છે. બાઇક ચોરીના પ્રથમ બનાવની વિગત એવી છે કે, જામનગર શહેરમાં દિગ્વીજય પ્લોટ નં.૨૩, ગરબી ચોક પાસે રહેતાં અનિલભાઇ જગુભાઇ હરવરા ઉ.વ.૨૩નામના યુવાને ગત્? તા.૮-૨-૨૦૨૬ ના રોજ પોતાનું રૂા.૧૦,૦૦૦ ની કિંમતનું જીજે-૧૦-સીએમ-૧૧૭૮ નંબરનું મોપેડ રોજી પેટ્રોલ પંપથી જકાત નાકા વચ્ચે રોડ ઉપર હીંગળાજ ઇલેક્ટ્રોપ્લેટર્સ નામના કારખાનાની સામે પાર્ક કરેલ હતું.જે મોપેડ કોઇ અજાણ્યો ચોર હંકારી ગયો હતો. સિટી સી ડિવિઝન પોલીસે અનિલભાઇની ફરિયાદના આધારે અજાણ્યા ચોર સામે ગુન્હો નોંધી તેને શોધી કાઢવા તપાસ હાથ ધરી છે.જ્યારે બીજા બનાવની વિગત મુજબ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ટોડા ગામે રહેતાં દેવેન્દ્રસિંહ ગજેન્દ્રસિંહ જાડેજા ઉ.વ.૨૯.નામના ખેડૂત યુવાને ગત્ તા.૧૭ના રોજ પોતાનું રૂા.૧૫,૦૦૦ ની કિંમતનું જીજે-૧૦-એએસ-૧૪૮૪ નંબરનું મોટરસાઇકલ પોતાના ઘરની બહાર લીમડાના ઝાડ નીચે પાર્ક કરેલ હતું. જે બાઇક કોઇ અજાણ્યો તસ્કર ચોરી કરી નાશી ગયો હતો. ફરિયાદના આધારે પોલીસે તસ્કરની તપાસ હાથ ધરી છે.

# મોરબીમાં મહિલા કોંગ્રેસ દ્વારા નારી શક્તિ કાર્યક્રમ યોજાયો, 'આપ'ના મહિલા આગેવાનો કોંગ્રેસમાં જોડાયા

## ગુજરાત પ્રદેશ મહિલા મહામંત્રીઓની હાજરીમાં ૧૧ મહિલાઓએ કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિ કાર્યાલય ખાતે મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા નારી શક્તિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન આમ આદમી પાર્ટીની મહિલા પાંખના અગ્રણીઓ સહિત કુલ ૧૧ બહેનો કોંગ્રેસમાં જોડાયા હતા.

મોરબી જીલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા નારી શક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના મહામંત્રી કલ્પનાબેન જોષી અને શોભનાબેન ભાવસાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મોરબી જીલ્લા મહિલા પ્રમુખ દમયંતીબેન નિરંજની, જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશોરભાઈ ચિખલિયા, મોરબી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજા તેમજ યુવા કોંગ્રેસ પ્રમુખ વશીમભાઈ મંસુરી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આમ આદમી પાર્ટીના મહિલા પાંખના જીલ્લા ઉપપ્રમુખ વર્ષાબેન લીંબડ, હરપ્રીતકૌર ઓલક ઉપપ્રમુખ મોરબી જીલ્લા મહિલા આપ સહિત કુલ ૧૧ બહેનો કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા. તમામને કોંગ્રેસનો ખેસ પહેરાવી આવકારવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મહિલાઓને રાજકીય ક્ષેત્રમાં સક્રિય ભાગીદારી માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી અને આવનારા સમયમાં મહિલા શક્તિના સંગઠનને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# મોરબીમાં ૧૦-૨૦ની નોટના બંડલની લાલચ આપી રૂ.૨.૫૦ લાખની ઠગાઈ કરનાર આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી સીટી એ ડીવીજન પોલીસ દ્વારા રૂ.૧૦ અને ૨૦ ની નોટના બંડલ આપવાની લાલચ આપી લોકો પાસેથી અન્ય નામે આંગડિયા મારફતે રૂપિયા મંગાવી ઠગાઈ કરનાર આરોપી પંકજભાઈ ફેફરને ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપીએ છેલ્લા છ માસમાં મોરબી સહિત અન્ય વિસ્તારોમાં પંદર જેટલા લોકોને શિકાર બનાવ્યા હોવાની વિગતો સામે આવી છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ તથા નાયબ પોલીસ અધિક્ષક જે.એમ.આલ અને સીટી એ ડિવિઝન પોલુસ માથક પીઆઈ આર.એસ. પટેલની સૂચના મુજબ મોરબી સીટી એ ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદી ચેતનભાઈ રતીલાલ દેત્રોજા રહે.રવાપર ધુનડા રોડ જયોતિપાર્ક સોસાયટી મોરબી વાળા દ્વારા નોંધાવવામાં આવેલ ફરિયાદ આધારે ગુનો નોંધાયો હતો. ફરિયાદ મુજબ આરોપીએ ફરીયાદીને ફોન કરીને રૂ.૧૦ અને રૂ.૨૦ ની નોટના બંડલ સસ્તા દરે આપવાની લાલચ આપી અમદાવાદ ખાતે આંગડિયા મારફતે રૂપિયા મોકલવા જણાવ્યું હતું. ફરીયાદીએ વિશ્વાસમાં આવી રૂ.૨,૫૦,૦૦૦/-નું આંગડિયું કરાવ્યું હોવા છતાં આરોપીએ નોટના બંડલ ન આપી ઠગાઈ આચરી હતી. આ મામલે મોરબી સીટી એ ડીવી. પોલીસ સ્ટેશનમાં આરોપી પંકજ ફેફર સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. ત્યારે આ કેસની તપાસની લઈને ટેકિન્કલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસની મદદથી પોલીસે આરોપી પંકજભાઈ કેશવજીભાઈ ફેફર રહે. નવાગામ-લખધીરનગર તા. મોરબી વાળાને ઝડપી પાડ્યો હતો. આ સાથે આરોપી પંકજ ફેફરને કોર્ટમાં રજૂ કરતાં આરોપીના બે દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીએ છેલ્લા છ માસ દરમિયાન મોરબી શહેર ઉપરાંત અન્ય જીલ્લાઓમાં પણ અંદાજે પંદર જેટલા લોકોને આ જ રીતથી શિકાર બનાવ્યા હતા. આરોપી હોટલ ખર્ચ ટાળવા અને પોલીસની નજરથી બચવા માટે સતત ટ્રેન મારફતે અમદાવાદ, સુરત, જયપુર તથા ગોવા જેવા શહેરોમાં ફરતો રહેતો હતો. જ્યારે કોઈ વ્યક્તિ સાથે ઠગાઈ કરવાની હોય ત્યારે અમદાવાદ અથવા સુરત ખાતે આંગડિયું કરાવી રૂપિયા મેળવી ફરી ટ્રેન મુસાફરી શરૂ કરી દેતો હતો. આરોપી વિરુદ્ધ અગાઉ પણ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે વિશ્વાસઘાત તથા ઠગાઈની કલમો મુજબ ગુનો નોંધાયેલ હોવાનું પોલીસ રેકોર્ડમાં જણાયું છે. આ સાથે મોરબી જીલ્લા પોલીસે જાહેર જનતાને અપીલ કરતા જણાવ્યું છે કે ઉપરોક્ત મોડસ ઓપરેન્ડી મુજબ જો કોઈ વ્યક્તિ આવી ઠગાઈનો ભોગ બન્યો હોય તો તાત્કાલિક મોરબી સીટી એ ડીવીજન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# માળીયા(મી)ના લક્ષ્મીવાસ ગામે રહેણાંકમાં જુગાર રમતા ૬ ઝડપાયા



**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી)તાલુકાના લક્ષ્મીવ-ાસ ગામમા રહેણાંક મકાનમાંથી બાતમીના આધારે ગંજીપત્તાના પાના વડે જુગાર રમતા ૬ જેટલા ઇસમોને પકડી લેવામાં આવ્યા હતા.

માળીયા(મી) પીઆઇના સુપરવિઝન હેઠળ સર્વેલન્સ પોલીસ ટીમ કાર્યરત હોય તે દરમ્યાન મળેલી હકિકતને આધારે લક્ષ્મીવાસ ગામમા રાધવજીભાઇ શીવાભાઇ કાવરના રહેણાંક મકાનમાથી ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો નશીબ આધારીત અંદર બહારનો જુગાર રમતા પ્રવીણભાઇ માવજીભાઇ કાવર રહે.ચમનપર તા.માળીયા, જયદીપસિંહ રણજીતસિંહ જાડેજા રહે.ભાવપર તા.માળીયા, ભરતભાઇ રામજીભાઇ મેણીયા રહે.વવાણીયા ગામ તા.માળીયા, અમૃતભાઇ શીવાભાઇ કાવર રહે.લક્ષ્મીવાસ તા.માળીયા, છેલાભાઇ પ્રભુભાઇ ખીમાણીયા રહે.વવાણીયા ગામ નાના કોળીવાસ તા.માળીયા તથા ચંદુલાલ પ્રભુલાલ ગામી રહે.વવાણીયા ગામ તા.માળીયા વાળાને રોકડા રૂ.૩૩,૭૬૦/- સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. ત્યારે માળીયા(મી) પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી નવી પીપળીમાં બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો, રોકડ રકમની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના નવી પીપળી ગામે ઓમપાર્ક સોસાયટીમાં બંધ મકાનના તાળા તોડી અજાણ્યા તસ્કરોએ રૂ.૫,૫૦૦/- રોકડની ચોરી કરી હતી. હાલ મોરબી તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

મોરબી તાલુકાના નવી પીપળી ગામે ઓમપાર્ક સોસાયટીમાં રહેતા સંદીપભાઈ રમેશભાઈ કાલરિયા ઉવ.૩૬ એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ ગત તા.૧૮/૦૨ના રોજ સવારે પોતાની પત્ની સાથે અમદાવાદ ખાતે સગાંના ઘરે ગયા હતા. જે બાદ ગઈકાલે તા ૧૯/૦૨ ના રોજ વહેલી સવારે ઘરે પરત ફરતાં મકાનનો મુખ્ય હોલના દરવાજાનું તાળું તૂટેલું અને નકૂચો વળેલો હાલતમાં મળ્યો હતો તેમજ ઘરનો સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. તપાસ કરતાં ફ્રિજના કવરખાનામાં રાખેલા રૂ.૫,૫૦૦/- રોકડા અને પર્સમાં રાખેલી ગોલ્ડન કલરની ધાતુની ચેઇનની ચોરી થઈ હતી. હાલ ચોરીના બનાવ અંગે સંદીપભાઈની ફરિયફને આધારે તાલુકા પોલીસે આરોપી અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# અધિક પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ

### પોલીસ વિભાગ સાથે ખેતીવાડી, આરોગ્ય, શિક્ષણ સહિતના વિભાગની સક્રિય ભૂમિકાથી નશામુક્ત ભારત અભિયાનને સાર્થક બનાવીએ : રેલવે, એર, કુરિયર માર્ગે નાર્કોટિક્સ ડ્રગ્સની હેરફેરના મુદ્દે સઘન ચેકીંગ ઝુંબેશ ચલાવવા સૂચના આપતા મહેન્દ્ર બગડિયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયાની અધ્યક્ષતામાં રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. જેમાં અધિક પોલીસ કમિશનરએ માત્ર પોલીસ વિભાગ જ નહીં તમામ વિભાગ સંયુક્ત રીતે જોડાઈ 'નશામુક્ત ભારત અભિયાન'ને સાર્થક બનાવે તેવી અપીલ કરી હતી.

બગડિયાએ ખેતીવાડી વિભાગ દ્વારા ગાંજાનું ઉત્પાદનકર્તા વિરુદ્ધ, મેડિકલ વિભાગ દ્વારા ગેરકાયદે સિરપના વેચાણકર્તા વિરુદ્ધ સઘન કામગીરી કરવા સૂચના આપી હતી, સાથોસાથ તેમણે 'નશામુક્ત ભારત અભિયાન'ને સાર્થક બનાવવા યુવાવર્ગને માદક દ્રવ્યોના વ્યસનથી બચાવવા તથા શાળા, કોલેજ, યુનિવર્સિટીમાં ડ્રગ્સ અવેરનેસ કેમ્પેઈન ચલાવી યુવાઓમાં જાગૃતિ લાવવા સૂચન કર્યું હતું. વધુમાં રેલવે, એર અને કુરિયર દ્વારા થતી નાર્કોટિક્સ ડ્રગ્સની હેરાફેરીને ધ્યાને લઈ પોલીસ વિભાગને સઘન ચેકીંગ ઝુંબેશ ચલાવવા અધિક પોલીસ કમિશનરએ સૂચના આપી હતી.

એસ.ઓ.જીના પી.આઈ. એસ.એમ.જાડેજાએ એન્ટી-ડ્રગ્સ કેમ્પેઇન અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા ચાલુ માસે કરવામાં આવેલી કામગીરીની માહિતી આપી હતી. જેમાં શાળા, કોલેજમાં જનજાગૃતિ કાર્યક્રમ, એસ.ઓ.જી. અને પોલીસ વિભાગ દ્વારા ગાંજા અને એમ.ડી. ડ્રગ્સના વેચાણ કરતા ૪ કેસમાં આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ.ના કેસ, શાળા આસપાસ ૧૦૦ મીટરમાં પ્રતિબંધ હોવા છતાં તંબાકુ સંબંધી વેચાણકર્તા પાન ગલ્લા વિરુદ્ધ કોપટા એક્ટ હેઠળ ૩૨૩ કેસમાં રૂ. ૬૪,૬૦૦નો દંડ કરાયાનું જણાવ્યું હતું.

આ બેઠકમાં ડી.સી.પી. ઝોન - ૨ રાકેશ દેસાઈ સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીઓ, કસ્ટમ, સમાજ સુરક્ષા, ફૂડ એન્ડ ડ્રગ્સ, ફોરેન્સિક, સિવિલ, મનોચિકિત્સક, રિહેબિલિટેશન, કૃષિ અને વન વિભાગ, તોલમાપ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ, મહાનગર તેમજ સિવિલના આરોગ્ય અધિકારીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સિટીના નોડલ અધિકારીઓ જોડાયા હતાં.

# કવિ કાગનાં જીવનદર્શન પર આધારિત પુસ્તક 'વાણી તો અમરત વદાં'નું ૨૩ વર્ષ બાદ પુનવિમોચન

### માહિતી ખાતાએ તૈયાર કરેલી નવી આવૃત્તિનું કાગધામ મજાદરમાં ૨૧મી ફેબ્રુઆરીએ વિમોચન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રખ્યાત લોકસાહિત્યકાર પદ્મશ્રી કવિ દુલા ભાયા કાગનાં જીવનદર્શન પર આધારિત પુસ્તક 'વાણી તો અમરત વદાં'નું ૨૩ વર્ષ બાદ પુનવિમોચન થશે. રાજ્યનાં માહિતી ખાતાએ તૈયાર કરેલી નવી આવૃત્તિનું કવિ કાગની ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે અમરેલી જિલ્લામાં આવેલા કાગધામ મજાદરમાં વિમોચન કરવામાં આવશે.

ગુજરાતી લોકસાહિત્યમાં શિરમોર કવિ કાગની પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે તેમના વતન મજાદર(કાગધામ) ખાતે કવિ કાગના જીવનદર્શન ઉપરાંત કાગવાણીના ભક્તિ, શૌર્ય તથા બીજા અનેક વૈવિધ્યસભર અમર કાવ્યોને યાદ કરી કવિકાગને શ્રધ્ધાસુમન અર્પણ કરવાના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે. આગામી તારીખ ૨૧ ફેબ્રુઆરીના રોજ કવિ કાગની ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે યોજાનારા કાર્યક્રમ કાગના ફળિયે કાગની વાતું કાર્યક્રમમાં આ નવસંસ્કરિત પુસ્તકનું વિમોચન કરવામાં આવશે.

કવિ કાગની જન્મ શતાબ્દી નિમિત્તે માહિતી ખાતા દ્વારા વાણી તો અમરત વદાં ગ્રંથનુ પ્રકાશન વર્ષ ૨૦૦૩માં કરવામાં આવ્યું હતું. હાલ આ ગ્રંથ અપ્રાપ્ય હોવાથી ગ્રંથના સંપાદક અંબાદાન રોહડિયાના પ્રયત્નોથી આ ગ્રંથનું નવું સંસ્કરણ તૈયાર કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૨૧મી ફેબ્રુઆરીના રોજ મજાદર ખાતે યોજનારા કાર્યક્રમમાં કાગબાપુના કાવ્યોની સંગીતમય પ્રસ્તુતિ સાથે વિવિધ લેખકો, સાહિત્યકારો અને લોકકલાકારોને મળી ૨૫ જેટલા સર્જકોને લોકસાહિત્ય એવોર્ડ આપવામાં આવશે. પ્રખર રામાયણી શ્રી મોરારીબાપુના હસ્તે આ એવોર્ડનુ વિતરણ કરવામાં આવશે.

આ નવસંસ્કરિત પુસ્તકમાં જૂના લેખોની સાથે નવા કેટલાક લેખોનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં કવિ કાગના સમગ્ર કર્તૃત્વ અને જીવનદર્શનને પાંચ ખંડોમાં સમાવિષ્ટ કરાયા છે. જેમાં વ્યક્તિત્વ અને વાઙ્મય સંસ્કૃતિ અને સમાજ, પ્રાચીન અને અર્વાચીનનો સમન્વય, કાગવાણી વિશેષ પરિપ્રેક્ષ્યમાં અને કાગવાણીના બહુવિધ પરિમાણોનો સમાવેશ થાય છે. આ ગ્રંથને અદ્યતન ટેકનોલોજી સાથે સજ્જ કરીને વધુ લોકસ્વીકૃત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગ્રંથમાં મુકાયેલ કોડ મોબાઈલની મદદથી સ્કેન કરવાથી કાગબાપુના કંઠે રજૂ થયેલ લોકરામાયણ, મહાભારત અને અન્ય કૃતિઓ આકાશવાણીના પ્રસંગો સાંભળી શકાશે. કવિ કાગની કહેણીની શૈલી અને કંઠની ઋજુતાને જન જન સુધી પંહોચાડવાનો આ આવકારદાયક પ્રયાસ છે. કવિ શ્રી કાગ વિષયક સ્વાધ્યાય લેખોને સમાવતો આ દળદાર ગ્રંથ વાચકો, સાહિત્યકારો અને લોક કલાકારોને કવિ કાગ અને તેમણે સર્જેલા સાહિત્યનો વિશેષ પરિચય આપશે અને અત્યંત ઉપયોગી બની રહેશે

# અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા અધ્યાપક સન્માન માટે રાજકોટના પ્રોફેસર ડો. ઈરોસ વાજાની પસંદગી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ - અમદાવાદ છેલ્લા પચ્ચીસ વર્ષોથી સમગ્ર ગુજરાતમાં શિક્ષણ અને સામાજિક સેવાના ક્ષેત્રે સક્રિય રીતે કાર્યરત છે. દર વર્ષે માર્ચ મહિનામાં શિક્ષણમંત્રી તથા રાજ્યપાલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાજ્યના વિવિધ દસ વિષયોના પસંદગી પામેલા અધ્યાપકોને અચલા અધ્યાપક સન્માન અર્પણ કરવામાં આવે છે. ૧૫ માર્ચ, ૨૦૨૬ના રોજ યોજાનારા સન્માન સમારોહ માટે રાજકોટના અંગ્રેજી વિષયના પ્રતિષ્ઠિત અધ્યાપક ડો. ઈરોસ વાજાની પસંદગી થતાં શિક્ષણવિદો, સહકર્મીઓ અને વિદ્યાર્થીઓમાં આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી છે.



ડો. ઈરોસ વાજા હાલમાં માતુશ્રી વીરબાઈમાં મહિલા આર્ટસ કોલેજ, રાજકોટ ખાતે અંગ્રેજી વિભાગમાં એસોસિયેટ પ્રોફેસર તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેઓ ઇન્ડિયન એસોસિએશન ફોર કેનેડિયન સ્ટડીઝના એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય છે. ઉપરાંત, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષયના બોર્ડ ઓફ સ્ટડીઝના અધ્યક્ષ તરીકે સતત ત્રણ ટર્મ સુધી જવાબદારી નિભાવી ચૂક્યા છે.

વિસ્તૃત અને ગુણવત્તાસભર સંશોધન કાર્ય ધરાવતા ડો. વાજાએ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પરિષદો અને સેમિનારોમાં અનેક સંશોધનપત્રો રજૂ કર્યા છે તથા વિવિધ પરિષદોમાં અધ્યક્ષપદે પણ કાર્ય કર્યું છે. તેમના સંશોધન લેખો પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકાશિત થયા છે. વર્ષ ૨૦૧૬માં કેનેડામાં યોજાયેલી ની વાર્ષિક બેઠકમાં તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તાશકંદ (ઉઝબેકિસ્તાન) ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય પરિષદ તેમજ વર્ષ ૨૦૧૯માં દુબઈ, યુ.એ.ઈ.માં યોજાયેલા ૩૯મા GITEX ટેકનોલોજી વીકમાં પણ તેમણે ભાગ લીધો હતો. સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ તેમને ચાણક્ય એવોર્ડ (૨૦૦૮) તથા શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે મહત્વપૂર્ણ કાર્ય બદલ વેદાંત એક્સેલન્સ એવોર્ડ (૨૦૨૦)થી સન્માનિત કરવામાં આવ્યા છે.

ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ધરાવતા ડો. વાજાએ અંગ્રેજી સાહિત્ય, ફિલોસોફી અને પત્રકારત્વ જેવા ત્રણ વિષયોમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી છે. ઉપરાંત તેમણે એલએલ.બી. તથા ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાંથી ડિપ્લોમા ઇન ક્રિએટિવ રાઈટિંગ ઇન ઇંગ્લિશની પદવી પ્રાપ્ત કરી છે. તેઓએ અંગ્રેજી સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે અલગ અલગ વિષયોમાં બે પીએચ.ડી. ઉપાધિઓ પ્રાપ્ત કરી છે. તેમણે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત વોકેબ્યુલરી સંબંધિત સંશોધન માટે પેટન્ટ પણ પ્રાપ્ત કર્યું છે.

નિષ્ઠાવાન અને પ્રેરણાદાયી શિક્ષક તરીકે તેઓ ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાં એકેડેમિક કાઉન્સેલર તરીકે સેવાઓ આપે છે. અનેક પીએચ.ડી. સંશોધકોને તેમણે માર્ગદર્શન આપ્યું છે

આ સન્માન તેમના દીર્ઘકાલીન શૈક્ષણિક, સંશોધનાત્મક અને સામાજિક યોગદાનની કદરરૂપ છે. રાજકોટ તથા સમગ્ર શિક્ષણજગતમાં આ પસંદગી ગૌરવનો વિષય બની છે.

ડો. ઈરોસ વાજાને તેની આ સિદ્ધિ બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં અંગ્રેજી ભવનના વરિષ્ઠ પ્રોફેસર અને ઈ. સી. મેમ્બર ડો. જયદીપસિંહ કે. ડોડીયા, ભાવનગર યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના વડા ડો. દિલિપ બારડ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢના અંગ્રેજી વિભાગના વડા પ્રોફે. ફિરોઝ શેખ, સૌરાષ્ટ્ર યુનવર્સિટીના સંસ્કૃત ભવનના વડા પ્રોફે. રાજાભાઈ કાથડ, ડો. મુકેશ ભેસાણીયા, ડો. નિહારિકા રાવત સહિત અનેક અધ્યાપકો, મિત્રો , શુભેચ્છકો અને વિદ્યાર્થીઓએ અભીનંદન આપ્યા છે

# ખેલ મહાકુંભ-૨૦૨૫ના વિજેતા ખેલાડીઓએ રોકડ પુરસ્કાર ફોર્મ જમા કરાવવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખેલ મહાકુંભ- ૨૦૨૫ અંતર્ગત રાજકોટ ગ્રામ્ય તાલુકા કક્ષા/જિલ્લા કક્ષા અને રાજકોટ શહેર ઝોન કક્ષા/મહાનગરપાલિકા કક્ષાનાં તમામ વિજેતા ખેલાડીઓના રોકડ પુરસ્કાર ફોર્મ આપવાના બાકી હોય તેઓએ ( સ્લીપ, આધારકાર્ડ નકલ, બેન્ક પાસબુક નકલ) સાથે રોકડ પુરસ્કાર ફોર્મ અત્રેની જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, રાજકોટ ખાતે તા. ૨૦-૦૨-૨૦૨૬ના રોજ સાંજે ૫ કલાક સુધીમાં જમા કરાવી આપવા સૂચના આપવામાં આવી છે. ત્યારબાદ કોઈપણ ખેલાડીઓના રોકડ પુરસ્કાર ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં, તેમ જિલ્લા રમતગમત અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# ગંગાસ્વરૂપા યોજનાના લાભાર્થીઓને આઇ.પી.પી.બી. ખાતાં ખોલવા માટે પોસ્ટ ઓફિસ ખાતે ૨૧ ફેબ્રુઆરી સુધી મેગા કેમ્પનું આયોજન

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓને આધાર કાર્ડ આધારિત ડી.બી.ટી. (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર)નો લાભ સીધો તેમના ખાતામાં મળી રહે, તે હેતુસર આધાર સીડેડ આઇ.પી.પી.બી. ખાતાં ખોલવાની કાર્યવાહી તાત્કાલિક અને સમયબદ્ધ રીતે પૂર્ણ કરવી અનિવાર્ય છે. જેના અનુસંધાને રાજકોટ ડિવિઝન હેઠળ આવતી હેડ / સબ / બ્રાન્ચ પોસ્ટ ઓફિસ ખાતે તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓએ લાભ લેવા સિનિયર સુપ્રીડન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, રાજકોટ ડિવિઝનની યાદીમાં જણાવાયું છે.

# મોરબીના ગાંધી ચોકમાં વર્લી મટકાના આંકડાનો જુગાર રમતા એકની અટક

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન શહેરના ગાંધી ચોક વિસ્તારમાં જાહેરમાં વર્લી ફીચર્સના આંકડાના નંબર લખીને નસીબ આધારિત પૈસાની હારજીતનો જુગાર રમી રમાડતા આરોપી ચંદુભાઈ મોતીભાઈ નગવાડીયા ઉવ.૫૦ રહે.જુના બસ સ્ટેન્ડ પાછળ દરગાહ પાસે મોરબી વાળાની અટકાયત કરવામાં આવી છે, આ સાથે પોલીસે પકડાયેલ આરોપી પાસેથી વર્લી ફીચર્સના જુગાર રમવાનું સાહિત્ય તથા રોકડા રૂ.૩૦૦/- સહિતનો મુદ્દામાલ કબ્જે કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી કલેક્ટરની સૂચના અન્વયે વહીવટી તંત્રએ ૧૭ કચેરીઓની આકસ્મિક તપાસ કરી

### લોક પ્રશ્નોના ત્વરિત નિરાકરણ અને વહીવટી સુદ્રઢીકરણ માટે કલેક્ટરનો હકારાત્મક અભિગમ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં વહીવટી તંત્ર વધુ ગતિશીલ, પારદર્શક અને લોકોની સેવામાં સજ્જ બને તે હેતુથી જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીના માર્ગદર્શન હેઠળ જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા વિવિધ ૧૭ જેટલી સરકારી કચેરીઓની આકસ્મિક તપાસ કરી વહીવટી શિસ્ત અને કર્મચારીઓની હાજરીની સઘન સમીક્ષા કરવામાં આવી હતી. આ તપાસનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારી કચેરીઓમાં આવતા અરજદારોને કોઈ મુશ્કેલી ન પડે તથા સેવાઓનો લાભ નિયત સમયમાં મળે તે સુનિશ્ચિત કરવાનો છે.

ગત તા.૧૮ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવેલી આ આકસ્મિક તપાસ દરમિયાન કાર્યપાલક ઇજનેર સિંચાઈ વિભાગ, રેન્જ ફોરેસ્ટ કચેરી, નાયબ કાર્યપાલક ઇજનેર ક્ષાર અંકુશ પેટા વિભાગ-૧, મચ્છુ-૩ બાંધકામ પેટા વિભાગ-૩, સ્ટેમ્પ ડ્યુટી કચેરી, શ્રમ અને રોજગાર, સીટી સર્વે કચેરી, સબ રજીસ્ટ્રાર કચેરી, જી.એસ.ટી. કચેરી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી, નાયબ બાગાયત કચેરી, ફીશરીઝ કચેરી, સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ-૬/૧, નાયબ ખેતી નિયામક કચેરી, જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (યાંત્રિક) તેમજ જળ સિંચન પેટા વિભાગમાં કર્મચારીઓની હાજરી બાબતે આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. આ તમામ કચેરીઓ મળી કુલ ૧૨ જેટલા કર્મચારી ગેરહાજર નોંધાયા હતા. કચેરીમાં કર્મચારીઓની ગેરહાજરી અને અનિયમિતતાની બાબત કલેક્ટરે ધ્યાને લઈ આ બાબતે તાત્કાલિક યોગ્ય પગલાં લેવા સબંધિત કચેરીના વડાઓને કડક સૂચના આપી હતી.

જીલ્લા વહીવટી તંત્રની આ કાર્યપદ્ધતિ પાછળ કલેક્ટરનો હકારાત્મક અભિગમ રહ્યો છે કે, સરકારી તંત્ર લોકો માટે છે અને કચેરીઓમાં કામકાજની શિસ્ત જળવાઈ રહેવાથી જ લોકશાહીના કાર્યોમાં વેગ આવે છે. આ આકસ્મિક તપાસ દ્વારા કચેરીઓના વહીવટમાં વધુ સુદ્રઢતા આવશે અને કર્મચારીઓમાં જવાબદારીનો ભાવ દ્રઢ થશે. મોરબી જીલ્લા સેવા સદન અને અન્ય વિસ્તારોમાં આવેલી આ કચેરીઓની મુલાકાત દરમિયાન લોકોના પડતર પ્રશ્નોના ઝડપી નિકાલ માટે પણ જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. જીલ્લા કલેક્ટર દ્વારા સમયાંતરે કરવામાં આવતી આ પ્રકારની કાર્યવાહીને કારણે વહીવટી તંત્ર વધુ લોકાભિમુખ બન્યું છે.

# મોરબીના લખધીરપુર રોડ ઉપર બંદૂકની અણીએ ખેડૂત લૂંટાયો, સોનાનો ચેઇન, રોકડ અને મોબાઇલ લઈ લૂંટારુઓ ફરાર

### ડબલ સવારી મોટરસાયકલ પર આવેલા હિન્દીભાષી બે અજાણ્યા ઈસમોની શોધખોળ : પોલીસે નાકાબંધી સહિતની તજવીજ હાથ ધરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લખધીરપુર રોડ પર ગઈ તા.૧૩ ફેબ્રુઆરીના રોજ ઘરેથી ખેતરે મોટર સાયકલ ઉપર જઈ રહેલા ખેડૂતને ડબલ સવારી મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા ઇસમોએ આંતરી, બંદૂક લમણે રાખી દોઢ તોલાનો સોનાનો ચેઇન, રૂ.૫,૦૦૦/- અને ઓપો મોબાઇલ મળી કુલ રૂ.૧.૬૦ લાખનો મુદ્દામાલ લૂંટી ફરાર થઈ ગયા અંગે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે, અત્રે ઉલ્લેખનીય છે કે, બનાવ ૧૩ ફેબ્રુઆરીએ સાંજે બન્યો હતો ત્યારે મોરબી પોલીસે નાકાબંધી સહિતની ગતિવિધિ શરૂ કરી હતી.

મળતી વિગતો મુજબ, મોરબી તાલુકાના લખધીરપુર ગામે રહેતા માવજીભાઈ ભીમજીભાઈ જાદવ ઉવ.૪૬ એ મોરબી તાલુકા પોલીસ મથકમાં સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા.૧૩/૦૨ના રોજ સાંજે તેઓ પોતાના હોન્ડા સાઇન મોટરસાયકલ રજી. જીજે-૩૬-એએચ-૯૨૩૬ ઉપર પાનેલી તરફના કાચા માર્ગે પોતાની વાડી તરફ જઈ રહ્યા હતા. ત્યારે તેમની પાછળ ડબલ સવારી મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા ઇસમોએ સ્પીડ વધારી બુમ પાડી તેમને ઉભા રહેવાનું કહેતા ફરિયાદી માવજીભાઈએ મોટરસાયકલ ઉભું રાખતાં જ ડાબી સવારી આવેલ મોટર સાયકલમાં પાછળ બેઠેલો



ઇસમ નીચે ઉતરી માવજીભાઈના ગળામાંથી આશરે દોઢ તોલાનો સોનાનો ચેઇન કિ.રૂ.૧.૫૦ લાખ ઝૂંટવી લીધો. ત્યારબાદ બીજા ઇસમે પોતાની પાસે રાખેલી બંદૂક માવજીભાઈના કપાળે રાખી, જે હોય તે આપી દેજે, નહીં તો જાનથી મારી નાખીશ'' એવી ધમકી આપી હતી. માવજીભાઈ પાસેથી ખિસ્સામાં રહેલા રૂ.૫ હજાર અને ઓપો કંપનીનો મોબાઇલ કિ.રૂ. ૫ હજાર પણ છીનવી લેવામાં આવ્યા હતા. જે બાદ આરોપીઓએ તેમને લાફો મારી મોટરસાયકલની ચાવી વાડમાં ફેંકી દીધી અને ફરાર થઈ ગયા હતા. હાલ તાલુકા પોલીસે બંને આરોપી અજાણ્યા મોટર સાયકલ સવાર સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના નગરજનોની ફરિયાદોનો હવે ઝડપી નિકાલ થશે

### ક્લસ્ટર મુજબ વિભાગીય અધ્યક્ષોના નંબર જાહેર, એપ અને વેબસાઈટ મારફતે તાત્કાલિક નોંધાશે ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા નાગરિકોની સુખાકારી માટે ફરિયાદોના ઝડપી અને અસરકારક નિવારણ માટે નવી વ્યવસ્થા અમલમાં મુકાઈ છે. અધિકૃત મોબાઈલ એપ્લિકેશન અને વેબસાઈટ સાથે ક્લસ્ટર મુજબ વિભાગીય અધ્યક્ષોના સંપર્ક નંબર જાહેર કરવામાં આવ્યા છે, જેથી લોકો સીધો સંપર્ક કરી શકશે.

મોરબી શહેરમાં સુવ્યવસ્થા અને જાહેર સલામતી જળવાઈ રહે તે હેતુસર મોરબી મહાનગરપાલિકાએ નાગરિકોની ફરિયાદોના ઝડપી નિકાલ માટે સુવ્યવસ્થિત પ્રણાલી અમલમાં મૂકી છે. નાગરિકો પોતાના વિસ્તારમાં ઊભી થતી કોઈપણ સમસ્યા મહાનગરપાલિકાની અધિકૃત મોબાઈલ એપ્લિકેશન અથવા વેબસાઈટ પર નોંધાવી શકે છે, જેથી ફરિયાદ સીધી સંબંધિત વિભાગ સુધી પહોંચે અને સમયસર કાર્યવાહી થાય. જાહેર જનતાની સુખાકારી માટે મહાનગરપાલિકાએ શહેરને વિવિધ ક્લસ્ટરમાં વહેંચી દરેક ક્લસ્ટર માટે જવાબદાર અધિકારીઓના મોબાઈલ નંબર જાહેર કર્યા છે. નાગરિકો ઓફિસ સમય દરમિયાન સીધો સંપર્ક કરી પોતાની સમસ્યા રજૂ કરી શકે છે.

ક્લસ્ટર મુજબ સંપર્ક નંબર ક્લસ્ટર નં.૧ અને ૧૦ સમીર સુમરા-૯૧૫૭૧ ૧૭૦૦૬, ક્લસ્ટર નં.૨ અને ૧૧ જાબીરહુશેન મનસુરી-૯૦૯૯૭ ૩૦૬૬૫, ક્લસ્ટર નં.૩ રાજલ ગોહેલ-૭૪૩૫૮ ૫૨૫૦૫, ક્લસ્ટર નં.૪ અને ૫ પાર્થ રાઠોડ-૯૩૧૩૦ ૫૫૨૭૭, ક્લસ્ટર નં.૭ અને ૮ જયદીપ રંકજા-૭૫૬૭૪ ૦૧૪૨૫, ક્લસ્ટર નં.૬ અને ૯ ખુશ રાજ્યગુરૂ-૯૩૨૭૨ ૯૫૦૯૬ વિભાગ મુજબ સંપર્ક નંબર ઈલેક્ટ્રિક વિભાગ નૈનેશ મહેતા-૯૩૨૮૮ ૮૮૨૩૮, રોડ અને બ્રિજ નીરવ પટેલ-૮૧૬૦૯ ૨૮૮૪૧, પાણી પુરવઠો સાગર રૂપાલા-૯૫૮૬૩ ૩૮૩૮૯, ભૂગર્ભ ગટર અને બગીચા આશીષ રાઠોડ-૮૮૬૬૩ ૨૨૫૨૩, જર્જરીત બિલ્ડીંગ બાબત પ્રતિક કૈલા-૮૮૬૬૩ ૩૬૨૭૩ મોરબી મહાનગરપાલિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે તમામ ફરિયાદોનું પારદર્શક, સમયસર અને અસરકારક રીતે નિરાકરણ લાવવામાં આવશે. શહેરના સર્વાંગી વિકાસ અને ગુણવત્તાસભર નાગરિક સુવિધાઓ માટે મહાનગરપાલિકા સતત પ્રતિબદ્ધ હોવાનું સીટી ઈજનેરે જણાવ્યું હતું.

# ૪૩ વર્ષથી અવિરત સેવાકાર્યો કરતા સરગમ પરિવારના સભ્ય બનવાની સોનેરી તક

### ૧૫ માર્ચથી સભ્ય નોંધણી ઝુંબેશ શરુ થશે : નજીવી ફીમાં વર્ષ દરમિયાન મનગમતા કાર્યક્રમોની વણઝાર : ૧૦ કરોડના ખર્ચે સરગમ કલબનું પોતાનું સેવા ભવન બની રહ્યુ છે, ડોનેશન માટે અપીલ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સામાજિક, સાંસ્કૃતિક, આરોગ્ય, શિક્ષણ સહિતના ક્ષેત્રમાં છેલ્લા ૪૩ વર્ષથી કાર્યરત સેવાભાવી સંસ્થા સરગમ કલબના સભ્ય બનીને આખુ વર્ષ વિવિધ કાર્યક્રમો માણવાની સોનેરી તક રાજકોટવાસીઓ માટે આવી છે. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને મંત્રી મૌલેશભાઈ ઉકાણીએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યુ છે કે, પહેલી એપ્રિલથી સરગમ કલબનું નવું વર્ષ શરુ થશે અને એ પહેલા ૧૫ માર્ચથી ૩૧ માર્ચ સુધી સભ્ય નોંધણી થશે. ગત વરસે સરગમ પરિવારમાં ૧૫ હજારથી વધુ નોંધાયા હતા અને આ વખતે સંખ્યામાં વધારો થશે તેવી આશા પણ તેઓએ વ્યક્ત કરી હતી. આ વરસે ફીમાં કોઈ પ્રકારનો વધારો કરવામાં આવ્યો નથી. આ પત્રકાર-પરિષદમાં સરગમ કલબનું પોતાની માલિકીનું બિલ્ડીંગ ' સરગમી સેવાનું સરનામુ' બની રહ્યુ છે તેની વિગત પણ આપી હતી.

ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું છે કે, સરગમ કલબની સ્થાપનાના ૪૩ વર્ષ પુરા થયા છે અને અને હજુ આવનારા વરસો સુધી તેની વિવિધ ક્ષેત્રની સેવાકીય પ્રવૃતિઓ ચાલુ રહેવાની છે. સરગમ કલબ શહેરમાં વિવિધ પ્રકલ્પોનું સંચાલન કરે છે. ગુજરાત રાજ્યના યુવક સેવા અને સંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ દ્વારા નિર્મિત હેમુ ગઢવી હોલનું સંચાલન છેલ્લા ૨૬ વર્ષથી કરે છે, આ ઉપરાંત મહાપાલિકા નિર્મિત રામનાથપરા મુક્તિધામનું સંચાલન ૩૦ વર્ષથી, મહાપાલિકા નિર્મિત ઈન્ડોર સ્ટેડીયમનું સંચાલન ૧૫ વર્ષથી અને કલેકટર તંત્ર દ્વારા નિર્મિત ઈવનિંગ પોસ્ટનું સંચાલન ૧૦ વર્ષથી કરે છે. છેલ્લા ૧૮ વર્ષથી જયપુર ફૂટનો દર મહીને કેમ્પ પણ યોજવામાં આવે છે.

ગુણવંતભાઈ ડેલાવાળાએ કહ્યું છે કે, રાજકોટમાં સરગમ પરિવારના સભ્ય હોવું એ એક ગૌરવ ગણાય છે અને તેથી જ મોટી સંખ્યામાં ભાઈ-બહેનો અને બાળકો સભ્ય તરીકે નોંધાય છે. આ વરસે પણ સરગમ પરિવારના સભ્ય બનવા માટે જાહેરાત કરવામાં આવી છે. આ વખતે ફીમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી અને સભ્ય પદ માટેના ફોર્મ તા. ૧/૩/૨૬થી સરગમ કલબના તમામ વિભાગોમાં મળશે.

સરગમ ચિલ્ડ્રન કલબની ફી એક વર્ષના ૫૦૦ રૂપિયા છે અને વર્ષના બાળકોને ગમી જાય તેવા કાર્યક્રમો જેમાં વોટર પાર્ક અને ફનવર્લ્ડની પીકનીક ઉપરાંત જાદુ શો અને ફિલ્મ શો જેવા કાર્યક્રમો માણવા મળશે.

લેડીઝ કલબમા જોડાવા માટે એક વર્ષની ફી ૭૦૦ રૂપિયા છે અને વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા સુંદર કાર્યક્રમો આપવામાં આવશે.

સિનીયર સિટીઝન કલબનાં સભ્ય બનવા માટે એક વર્ષની ફી ૭૫૦ છે જયારે કપલ ફી ૧૫૦૦ રૂપિયા છે અને વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા કાર્યક્રમો આપવામાં આવશે.

કપલ કલબના સભ્ય બનવા માટે એક વર્ષની ફી ( બે વ્યક્તિ) ૧૫૦૦ રૂપિયા છે અને વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા કાર્યક્રમો આપવામાં આવશે.

આ જ રીતે જેન્ટ્સ કલબની ફી ૭૫૦ રૂપિયા છે અને વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા કાર્યક્રમો આપવામાં આવશે.

આ તમામ સભ્યોનું નવું વર્ષ ૧/૪/૨૬ થી ૩૧/૩/૨૭ સુધીનું રહેશે. સભ્ય બનવા માટેના ફોર્મ તા. ૧૫/૩/૨૬થી ૩૧/૩/૨૬ સુધી ભરવામાં આવશે. આ ફોર્મ અને ફી જાગનાથ મંદિર ચોકમાં આવેલી સરગમ કલબની ઓફિસે આપવાના રહેશે.

રાજકોટ કલેકટર તંત્ર દ્વારા નિર્મિત સિનીયર સિટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટમાં સભ્ય બનવા માટે એક વર્ષની ફી માત્ર ૨૦૦ રૂપિયા છે. ઈવનિંગ પોસ્ટમાં સભ્ય થવા માટે તા. ૧/૩/૨૬થી ફી ભરી શકાશે ફી ઈવનિંગ પોસ્ટ- જ્યુબેલી ગાર્ડન પાસે, ખાતે જ ભરવાની રહેશે. આ સભ્યો માટે દર અઠવાડિયે ચાર કાર્યક્રમ યોજવામાં આવે છે.

ગુણવંતભાઈ ડેલાવાળાએ ઉમેર્યું હતું કે, ચાલુ વર્ષના સભ્યો માટે વર્ષના છેલ્લા કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યા છે. જેમાં નાટક શો અને બાળકો માટે ફિલ્મ અને જાદુના શો વગેરેનો સમાવેશ થાય છે.

ગુણવંતભાઈ ડેલાવાળાએ કહ્યું હતું કે, સરગમ કલબ પોતાની માલિકીનું અદ્યતન છ માળનું ભવન બનાવી રહી છે. જાગનાથ પ્લોટ વિસ્તારમાં જીમખાના મેઈન રોડ ઉપર અંદાજે ૧૦ કરોડના ખર્ચે આ ભવન બની રહ્યું છે. સરગમ કલબ સેવાકીય સંસ્થા છે અને દાતાઓના સહકાર વગર આવી પ્રવૃતિઓ કરવી અશક્ય છે. આ ભવનના બાંધકામ માટે આર્થિક સહાયની જરૂર છે તો આ માટે દાતાઓને ટહેલ નાખવામાં આવી છે. સરગમ કલબને આપવામાં આવતું તમામ દાન ઈન્કમ ટેક્સમાં ૮૦-જી હેઠળ કરમુક્ત છે. આ ઉપરાંત કલબ પાસે સી.આર.એસ. સર્ટિફિકેટ પણ છે.

# મેટોડામાં ભાઈ બહેન પર છરીથી હુમલો : રાજકોટ સિવિલમાં ખસેડાયા

### સવારે ૮.૩૦ વાગ્યે બનેલી ઘટના, પ્રેમપ્રકરણ કારણ ભૂત હોવાની ચર્ચા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલા ઔદ્યોગિક વિસ્તાર મેટોડામાં વહેલી સવારે ભાઈ - બહેન ઉપર છરી વડે ઘાતક હુમલો કરાતા બંનેને લોહી લુહાણ હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવના પગલે પોલીસ કાફલો દોડી ગયો હતો. સમગ્ર બનાવ પાછળ પ્રેમ પ્રકરણ કારણભૂત હોવાનું અનુમાન છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત મુજબ, પ્રભાબેન પ્રેમજીભાઈ જોગડીયા (ઉંમર વર્ષ ૨૭) અને અશ્વિન પ્રેમજીભાઈ જોગડીયા (ઉંમર વર્ષ ૨૬) (રહે.બંને મેટોડા ગામ, જીઆઈડીસી ગેટ નંબર ૨ પાસે, તાલુકો લોધીકા, જીલ્લો રાજકોટ)ને ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેમાં પ્રભાબેનને માથાના ભાગે છરીનો ઊંડો ઘા લાગ્યો હોવાથી તેમને ઈમરજન્સી વિભાગમાં દાખલ કરાયા હતા. જ્યારે અશ્વિનને છરીના છરકા લાગ્યા હોવાથી ઓપીડી સારવાર અપાઈ હતી.

બનાવની જાણ થતા જ મેટોડા પોલીસ સ્ટેશનનો સ્ટાફ સ્થળ ઉપર અને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. ઈજાગ્રસ્તોનું નિવેદન નોંધવા માટે તજવીજ કરી હતી અને હુમલો કરનાર આરોપીને પકડવા તપાસ હાથ ધરી હતી.

પરિવારની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, આજે સવારે ૮ વાગ્યા આસપાસ પ્રભાબેન અને તેનો ભાઈ અશ્વિન બંને ઘરે હતા જ્યારે તે બંનેના માતા-પિતા કારખાનામાં કામ કરતા હોવાથી માતા-પિતા નોકરીએ કંપનીમાં ગયા હતા અને ભાઈ બેન બંને ઘરે હતા.

ત્યારે આરોપીએ ઘરમાં આવીને નીચેના માળે રહેલ પ્રભાબેન ઉપર હુમલો કરી દીધો હતો. બેકારો થતા ઉપરના માળે રહેલા ભાઈ અશ્વિનને અવાજ સંભળાતા કે દોડીને નીચે આવ્યો હતો અને બહેનને બચાવવા માટે વચ્ચે પડ્યો હતો. જેમાં તેને પણ છરીના છરકા લાગી ગયા હતા. અશ્વિન ૩ ભાઈ અને બે બહેનમાં નાનો છે જ્યારે પ્રભા ભાઈ બહેનમાં ચોથા નંબરની છે.

આ ઉપરાંત પોલીસે આ બનાવનું કારણ જાણવા માટે પણ પ્રયત્નો હાથ ધર્યા હતા. જેમાં પ્રેમ પ્રકરણ કારણભૂત હોવાનું અનુમાન છે. એવું પણ હોય શકે કે આરોપીઓ એક તરફી પ્રેમી હોય. પોલીસે તેને પકડવા તજવીજ કરી છે.

# ગોંડલના કરમાળ કોટડા ગામે ઈન્સ્ટાગ્રામમાં સતત ધમકી મળતા યુવકનો આપઘાત

### યુવકની ખોટી આઈડી બનાવી, બ્લેકમેલ કરી પૈસા માંગ્યા, સાંજે તુ ઘર બહાર નિકળ, તારા ટાટીયા ભાંગી નાખવા છે, તારૂ ફુલેકુ કાઢવું છે, તારા ગામમાં વિડીયો વાયરલ કરવો છે મેસેજ મોકલી બ્લેકમેલ કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલના કરમાળ કોટડા ગામના યુવકને ઈન્સ્ટાગ્રામમાં બેફામ ધમકી આપી, બ્લેકમેલ કરવામાં આવ્યો હતો. જે ધમકીઓથી કંટાળી યુવકે ભાદર નદીના કાંઠે બાવળના વૃક્ષ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ લેતા ચકચાર મચી હતી. યુવકે આપઘાત કરતા પૂર્વે વિડીયો બનાવી આપવીતી વર્ણવતા પોલિસે ઈન્સ્ટાગ્રામ આઈડીના ધારક વિરુદ્ધ મરવા મજબુર કર્યાનો ગુનો નોંધી એકાઉન્ટ હોલ્ડરની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

બનાવ અંગે ગોંડલના કરમળ કોટડા ગામે ઉદયપુરપરા વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષીય ખેડૂત ભરતભાઈ ઉર્ફે લાલો ભાનુભાઇ ડાંગરે આરોપી તરીકે પૂજારાની૬૦૪૦ નામના ઈન્સ્ટાગ્રામ આઈડી ધારકનું નામ આપતાં આટકોટ પોલિસે બીએનએસની કલમ ૧૦૮, ૩૦૮(૪), ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઇ તા.૧૮ ના બપોરના આશરે ત્રણેક વાગ્યે તેઓ વાડીએ ગયેલ હતાં. જયાતેઓનો પિતરાઈ ભાઈ રણજીતભાઈ દાનાભાઈ ડાંગર પણ હાજર હતા. બંને ત્યા આશરે ૨૦ મિનીટ સાથે બેસી ખેતીકામ અંગેની ચર્ચા કરેલ હતી. બાદ આશરે ચાર વાગ્યે તે વાડીએથી ઘરે જતો રહેલ હતો. બાદ રાત્રીના આશરે સાડા નવ વાગ્યે કુટુંબી ભાઈ વનરાજભાઈ ડાંગરનો ફોન આવેલ કે, રણજીતભાઈ હજુ સુધી વાડીએથી ઘરે આવેલ નથી, તેની શોધમાં વાડી બાજુ જઈએ છીએ, તુ તેની વાડી બાજુ આવ તેમ જણાવ્યું હતું.

જેથી ફરીયાદી વાડીએ જવા નિકળેલ હતો, દરમિયાન વનરાજભાઈનો ફરીથી ફોન આવેલ કે, તુ તારી વાડીથી આગળ ભાદરના કાંઠે આવેલ હનુમાન બાપાના ઓટા બાજુ આવજે. જેથી ત્યા જતા વનરાજભાઈ તથા સુભાષભાઈ ડવ બંને ત્યા ઉભેલ હતા. જયા ભાદર નદીના કાંઠે રણજીતભાઈનું બાઈક પડેલ હતુ. ત્યારે વનરાજભાઈએ જણાવેલ કે, રણજીતભાઈએ અહીં ગળેફાંસો ખાઈ લીધેલ છે. બાદ જોતા ભાદર નદીના કાંઠે બાવળના ઝાડ સાથે દોરડુ બાંધી રણજિતભાઈએ ગળાફાસો ખાઈ લીધેલ હાલતમાં જોવા મળ્યા હતા.

જેથી બનાવ અંગે પરિજનો અને પોલિસને જાણ કરી હતી. બાદ પોલિસે ઘટનાસ્થળે દોડી જઈ પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, જે તે સમયે રણજીતભાઈના ખીસ્સામાંથી તેનો મોબાઈલ ફોન મળેલ હતો. જે મોબાઈલ ચેક કરતા રણજિતભાઈએ તા. ૧૮ ના રોજ સાંજે સાત વાગ્યે એક વિડીયો બનાવ્યાનું ધ્યાને આવ્યું હતું.

જે વિડીયોમાં મૃતકે જણાવ્યું હતું કે, મારી ખોટી આઈડી બનાવી, બ્લેકમેલ કરી, પૈસાની માંગણી કરીને મને બહુ હેરાન કર્યો છે, તને મારી નાખીશું એવુ મને કીધુ છે અને આજ સાંજ સુધીમાં મને ઘરેથી ઉપાડી મારી નાખવાની ધમકી આપી છે એટલે હું આમ કરૂ છું, બીજુ કોઈ કાંઈ કરતા નહી, જે થાય ઈ ભેગા રહેજો, બધાને સાચવજો એવી મારી વિનંતી છે.

જે બાદ મૃતકનું ઈન્સ્ટાગ્રામ આઈડી તપાસમાં તેમાં પૂજારાની૬૦૪૦ નામની આઈડીમાંથી તા.૧૮ ના બપોરે ૪૧૮ થી ૪૪૮ સુધી તદ્દન ગંદી ભાષામાં તને ગમે ત્યાથી ગોતી લેવો છે, સાંજે તુ ઘર બહાર નિકળ, તારા ટાટીયા ભાંગી નાખવા છે, તારૂ ફુલેકુ કાઢવું છે, તારા ગામમાં વિડીયો વાયરલ કરવો છે, તારી આખી હિસ્ટ્રી નિકળી ગયેલ છે, અમે રાજકોટ વાળા સહિતના ધમકી ભર્યા મેસેજ આવ્યાનું ધ્યાને આવ્યું હતું. જેથી મૃતકના પિતરાઈએ ફરિયાદ આપતાં આટકોટ પોલિસે ઈન્સ્ટાગ્રામ આઈડી ધારક વિરુદ્ધ ગુનો નોંધી ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

# રાજકોટ આરટીઓમાં AI ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક માર્ચમાં કાર્યરત થશે

### મોટાભાગનું કામકાજ પૂર્ણ: ૧૭ સીસીટીવી ફીટ કરાશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ આરટીઓ કચેરી ખાતે બની રહેલો નવો અને અદ્યતન એઆઈ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકનું મોટાભાગનું કામ હવે પૂર્ણ થવામાં છે. અને માર્ચ એન્ડ સુધીમાં આ નવો એઆઈ ટ્રક કાર્યરત થઈ જાય તેવી શક્યતા દર્શાવાઈ રહી છે. અંદાજીત એકથી દોઢ કરોડનાં ખર્ચે બની રહેલા આ એઆઈ ટ્રેકનું ૮૦ ટકા કામ પૂર્ણ થઈ જવા પામ્યું છે તેમ રાજકોટ આરટીઓ અધિકારી ઈન્દ્રજીત ટાંકએ એક વાતચીત દરમ્યાન જણાવેલ હતું.

તેઓએ જણાવેલ હતું કે એઆઈ ટ્રકનું સિવિલ અને ઈલેક્ટ્રિક્ટ્રક વર્ક પૂરું થઈ ગયું છે અને અદ્યતન તમામ સાધનોનું પણ ઈન્સ્ટોલેશન થઈ ગયું છે. હવે, હાલમાં ટ્રેકના ૧૭ સીસી ટીવી કેમેરા ફીટ કરવાની કામગીરી ચાલી રહી છે.

ટાંકે વધુમાં કહ્યું હતું કે સંભવતઃ માર્ચ એન્ડ સુધીમાં ટ્રેકનું તમામ કામ પૂર્ણ થઈ જશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ સહિત રાજયની કુલ ૩૭આટીઓ, એ.આર.ટી.ઓ કચેરીઓ ખાતેના ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રોકોને વીડિયો એનાલીસીસ ટેકનોલોજી અને આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ પધ્ધતિથી અદ્યતન કરવા સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. આ કામગીરીમાં કુલ ૪૨ ફોર વ્હીલ ટ્રેક તથા ૪૩ ટુ વ્હીલર ટ્રેકનો સમાવેશ થાય છે. આ ટેકનોલોજીમાં એક ટ્રેક લોકેશન પર કુલ ૧૭ જેટલાથી વધુ કેમેરાની મદદથી ટેસ્ટનું મૂલ્યાંકન કરવામાં આવનાર છે અને કોઈ પણ માનવીય હસ્તક્ષેપ વિના ઓટોમેટીક ટેસ્ટનું રીઝલ્ટ જનરેટ થશે. ટેસ્ટ શરૂ થતા પહેલા ટુટોરીયલની મદદથી ટેસ્ટની સંપૂર્ણ માહિતી અરજદારોને પૂરી પાડવામાં આવશે. અરજદારોને ટેસ્ટની કોમ્પ્રીહેન્સીવ રીઝલ્ટ પુરૂ પાડવામાં આવશે જેથી તેઓ દ્વારા ટેસ્ટમાં કયા પેરામીટરમાં સુધારો કરવાની જરૂર છે તેની માહિતી મળી શકશે.

# રાજકોટમાં લગ્ન પ્રસંગે દિવથી દારૂ મંગાવ્યોને આટકોટ પાસે કાર પકડાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આટકોટ પોલીસ મથકના એએસઆઈ એમ.પી.પરમાર, હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ મેટાડીયા, કોન્સ્ટેબલ લાલજીભાઈ ઝાપડીયા અને પારસભાઈ જાંબુડીયા સ્ટાફ સાથે આટકોટ જસદણ રોડ ટી પોઈન્ટ પાસે વાહન ચેકીંગમા હતા દરમ્યાન બાબરા તરફ થી એક સફેદ કલરની ફોર વ્હીલર કાર તેને રસ્તાની સાઈડમાં રોકાવી જોતા તેમાં એક વાહન ચાલક સહિત બે શખ્સો બેસેલ હતાં. તેમજ કારની પાછળની સીટ ઉપર અંદર ચેક કરતા પ્લાસ્ટીકના મોટા ઝબલાઓમાં વિદેશી દારૂની બોટલો જોવામા આવેલ જેથી બંને શખ્સોને કાર નીચે ઉતારી નામ પુછતા વાહન ચાલક પોતાનુ નામ હારૂન મુસા સુમરા (ઉ.વ.૨૬, રહે, રાજકોટ થોરાળા, જયનાથ એચ.પીના પેટ્રોલ પંપ પાછળ, મુળ રહે.રાજુલા સંઘવી હાઈસ્કુલની પાછળ પાણીના ટાંકાની સામે) અને તેની સાથેના શખ્સે ગોપાલ મહેશ મેવાડા (ઉ.વ.૨૪, રહે.રાજકોટ સંતકબીર રોડ ત્રિવેણી ગેટ શેરી નંબર-૧ છેલ્લા ખુણે) હોવાનું જણાવેલ હતું. પોલીસે કાર નં. ત્રઉં-૧૪-ઈઉ-૪૯૨૫ માંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૩૪ બોટલ રૂ.૬૮૩૧૦ અને સ્વીફ્ટ કાર, બે મોબાઈલ સહિત કુલરૂ.૫.૮૮ લાખનો મુદામાલ કબ્જે કરી બંને શખ્સોની ધરપકડ કરી પૂછ્તાછ આદરી હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ આરોપીઓને પરિવારમાં લગ્ન પ્રસંગ હોય જેથી બંને શખ્સો પ્રસંગમાં દારૂની છોળો ઉડાડવા દીવથી દારૂ ભરી રાજકોટ લઈને આવતા હતા જે દરમિયાન જ આટકોટ પોલીસે દબોચી લેતા પ્રસંગ બે રંગ બની રહ્યો હતો.

# ધંધામાં રોકાણના બહાને વેપારી સાથે રૂ.૩૧.૮૮ લાખની ઠગાઈ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ગુણાતીત નગરમાં રહેતા અને સિરામિક એક્સપોર્ટના વ્યવસાયમાં સંકળાયેલા વેપારીને પરિચિતે પેપર, સ્ક્રેપ અને થર્મોકોલના વેપારમાં ઊંચા વળતરની લાલચ આપી ભાગીદારી કરી હતી.જોકે પાર્ટનરને બેઈમાનીનો રંગ ચડતાં જ તેણે ધંધામાંથી વળતર તો ઠીક પણ રોકાણના ૩૧.૮૮ લાખ પણ પરત કરવાની ના પાડી દીધી છેતરપીંડી આચર્યાની ફરીયાદ કરતા પોલીસે ગુનો નોધી કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ રૈયાવ ટેલીફોન એક્સચેન્જ નજીક ગુણાતીત નગર મેઈન રોડ ઉપર રહેત કૌશલ યોગેશભાઈ ભોજાણી (ઉ.વ. ૨૬) એ યુનિવર્સિટી પોલીસ મથકમાં આરોપી તરીકે પાટીદાર ચોક સમન્વય સિલ્વર એપાર્ટમેન્ટમાં રહેતા સાવન રમેશભાઈ ધમસાણીયાનુ નામ આપ્યુ હતે. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે આશરે દોઢ વર્ષ પહેલાં સાવન ધમસાણીયા તેમની ઓફિસે આવ્યો હતો. તેણે પોતે પેપરના કાગળો, લોખંડનો સ્ક્રેપ અને થર્મોકોલ રો-મટીરીયલ જેવી વસ્તુઓ વિદેશથી ઈમ્પોર્ટ કરવાનું કામ કરે છે તેવી ઓળખ આપી હતી. આ ધંધામાં રોકાણ કરવાથી મોટું વળતર મળશે તેવી લાલચ આપી કૌશલભાઈને વિશ્વાસમાં લીધા હતા અને મૌખિક ભાગીદારી કરી હતી. કૌશલે અલગ-અલગ બેંક ખાતાઓ મારફતે કુલ રૂ. ૯૩,૨૧,૫૦૦ નું સાવન અને તેની પત્નીના ખાતામાં રોકાણ કર્યું હતું. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે સાવને નફા અને એન્ટ્રીના ફેરબદલ પેટે કુલ રૂ. ૬૧,૩૩,૦૦૪ પરત આપ્યા હતા. ત્યારબાદ બાકી નીકળતી માતબર રકમ ૨ ૩૧,૮૮,૪૯૬ બાબતે ગલ્લાતલ્લા શરૂ કર્યા હતા.જ્યારે કૌશલે દિવાળી પહેલા રોકાણ કરેલી રકમનો હિસાબ માંગ્યો, ત્યારે સાવને કોઈ સંતોષકારક જવાબ આપ્યો નહોતો. સાવનના પિતા અને કાકાની હાજરીમાંમકાન-જમીન વેચીને પૈસા પરત આપવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ સાવને પોતાનો ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો અને ઘર છોડીને ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું. અંતે, પોતાની મહેનતના નાણાં અને વ્યવસાયિક રોકાણ ફસાઈ જતાં કૌશલ ભોજાણીએ યુનિવર્સિટી પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ગુનો દાખલ આગળની તપાસ હાથ ધરી છે.

# ત્રંબામાં દંપતીના ઝઘડામાં વચ્ચે પડેલ પિતા-પુત્ર પર મરચાની ભૂકી છાંટી હુમલો

### યુવાનનો પગમાં ભાંગી નાખ્યો: ત્રણ શખ્સો સામે ગુનો દાખલ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ત્રંબામાં રહેતાં હીરાઘસુ યુવાન અને તેના પિતા પાડોશીઓના ઝઘડામાં વચ્ચે પડયા હોઈ તેમની સાથે પણ પાડોશીઓએ ઝઘડો ચાલુ કરી લોખંડની કોશથી હુમલો કરી યુવાનનો પગ ભાંગી નાંખ્યો હતો. તેમજ પિતા-પુત્ર બંનેની આંખમાં મરચાની ભુકી ઉડાડવાની કોશિષ કરી માથે જતાં જાનથી મારી નાખવાની ધમકી આપતાં યુવાન સારવાર માટે દાખલ થતાં આજીડેમ પોલીસે ગુનો નોંધ્યો છે.આ અંગેની વિગતો મુજબ, ત્રંબામાં વડાળી રોડ પર રાધીકા સ્કૂલ પાસે રહેતાં અને હીરા ઘસવાની મજૂરી કરતાં બળદેવ ભુપતભાઇ બાવળીયા (ઉ.વ. ૨૩)ની ફરિયાદ પરથી તેના જ ગામના ગોવિંદ રાયમલભાઇ, લખધીર અને રાયમલભાઇ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી છે.બળદેવે જણાવ્યું છે કે હું પટેલ નગર સોરઠીયા વાડી ખાતે ઓમ ડાયમંડમાં હીરા ઘસવાનું કામ કરુ છું અને માતા-પિતા તથા ભાઈ સાથે રહુ છું.મારી સાથે મારા પિતા અને ભાઈ પણ હીરા ઘસવાનું કામ કરે છે. બુધવારે અમારા પાડોશી ધારિયાભાઈ દેવીપૂજક અને તેના નાનાભાઈ રાયમલભાઈના પરિવારજનો વચ્ચે કોઈ કારણે સવારથી અવારનવાર ઝઘડો ચાલી રહ્યો હતો. સાંજે ચારેક વાગ્યે પાડોશી ધારીયાભાઈ આ ઝઘડાથી કંટાળી તેમના મુળ ગામ વડાળી ખાતે જતા રહ્યા હતાં. આ વખતે તેના પતિ ઘર બહાર ઓટલા પર બેઠા હતાં. ત્યારે તેની સાથે ફરી બોલાચાલી થતા ધારીયાભાઈના પતિ મારા પિતા ભુપતભાઈ પાસે આવેલ અને મને બચાવો આ લોકોથી એવું કહેતા મારા પપ્પા તથા હું ઝઘડો બંધ કરાવવા વચ્ચે પડયા હતાં. આ વખતે ગોવિંદ રાયમલભાઈ દેવીપૂજકે તેના હાથમાં કોશ હોઈ મારા ડાબા પગે ફટકારી દેતાં ગંભીર ઈજા થઈ હતી. તેમજ રાયમલનો ભત્રીજો લગધીર તથા રાયમલભાઈના હાથમાં લાલ મરચાની ભૂકી હોઈ મારા તથા મારા પિતા પર ઉડાડવાની કોશિશ ક રી હતી અને હવેથી અમારી બાબતમાં વચ્ચે પડશો તો જાનથી મારી નાખશું એવી ધમકી આપતાં અમે ત્યાંથી ભાગી ગયેલ અને બાદમાં મારા મિત્ર ચિરાગ ચુડાસમાએ ૧૦૮ બોલાવતાં મને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ તબિબે નિદાન કરતાં ડાબા પગમાં ત્રણ જગ્યાએ ફેકચર થઇ ગયાનું જાણવા મળ્યું હતું. તેમ વધુમાં બળદેવે કહેતાં પીએસઆઈ પીઆઈ એ. બી. જાડેજા, લક્ષમણભાઈ મકવાણા સહિતે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# આસોપાલવના ઝાડ પર ચડેલા રૈયાધારના યુવાનનુ પડી જતાં મોત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધારના યુવાનનું કેકેવી ચોક પાસે બકરા માટે ચારાના પાંદડા તોડતી વખતે આસોપાલવના ઝાડ પરથી પડી જતાં ગંભીર ઈજા થવાથી મૃત્યુ થયું છે.જાણવા મળ્યા મુજબ રાજકોટના રૈયાધારમાં રાધેશ્યામ ગૌશાળા પાસે રહેતો વનાભાઈ ભોજાભાઈ મીર (ઉ.વ.૪૦) નામનો યુવાન સવારે સાડા નવેક વાગ્યે કેકેવી ચોક નજીક ખેતલા આપા ટી સ્ટોલ પાછળ ઝાડવા પરથી પડી જતાં ગંભીર ઈજા થતાં બેભાન થઇ ગયો હતો. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઈ જતાં કોઈએ ૧૦૮ બોલાવી હતી અને તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડી તેના સગાને જાણ કરી હતી.સારવાર દરમિયાન વનાભાઈએ મોત થતા પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. મૃત્યુ પામનાર વનાભાઈ ત્રણ બહેન અને બે ભાઈમાં મોટા હતાં. તેમને સંતાનમાં ત્રણ દિકરી અને બે દિકરા છે. પોતે છુટક મજૂરી કરી ગુજરાન ચલાવતાં હતાં. આસોપાલવના ઝાડ પરથી પોતાના બકરાના ચાર માટે કુણા પાન તોડતા હતાં ત્યારે અકસ્માતે લપસી પડતાં આ બનાવ બન્યાનું સગાએ કહ્યું હતું. તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# ભૂપેન્દ્ર રોડના સાઉન્ડ સિસ્ટમના વેપારી સાથે રૂ.૮.૮૩ લાખની ઠગાઈ

### રૂ.૨૪.૨૭ લાખનો માલખરીદી રૂ. ૧૪.૪૪ લાખ ચુકવ્યા બાદ બુચ મારી દીધું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભૂપેન્દ્ર રોડ પર સાઉન્ડ સિસ્ટમનો વેપાર કરતાં વેપારી સાથે ભાણવડ પંથકના સાઉન્ડ સિસ્ટમના ધંધાર્થીએ માલની ખરીદી કરી અમુક રકમ ચુકવી દીધા બાદ ૮,૮૩,૨૦૦ની રકમ ન ચુકવતાં પોલીસને જાણ કરી હતી. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે કાલાવડ રોડ કોટેચા ચોક પાસે નાલંદા પાર્ક-૨ પેસેફિક એપાર્ટમેન્ટ ફલેટનં. ૩૦૨માં રહેતાં અને ભૂપેન્દ્ર રોડ પર રાજેશ્રી સિનેમા પાસે કીંગ ઈલેક્ટ્રોનીક નામે સાઉન્ડે સિસ્ટામનો વેપાર કરતાં નેહલભાઈ હરસુખભાઈ વૈદ્ય (ઉ.વ.૪૪)ની ફરિયાદ પરથી દેવભુમી દ્વારકા તાબેના ભાણવડના કબરકા ગામના નરેશ રામાભાઈ ગોજીયા વિરૂધ્ધ સાઉન્ડ સિસ્ટમનો માલ સામાન ખરીદ્યા બાદ તેના રૂા. ૮.૮૩ લાખ પરત ન આપી વિશ્વાસઘાત કર્યાનો આરોપ મુકાયો છે.નેહલભાઈએ નોંધાવેલી ફરિયાદની વિગત મુજબ તેની પાસેથી ભાણવડ તાલુકાના કબરકા ગામે રહેતા અને ક્રિષ્ણા સાઉન્ડમ નામે વ્યવસાય કરતા નરેશ ગોજીયાએ ગત વર્ષે સાઉન્ડન સિસ્ટમના સાધનોની ખરીદી કરી હતી. શરૂઆતમાં વિશ્વાસ કેળવવા માટે નરેશભાઈએ કટકે-કટકે નાણાંની ચુકવણી કરી હતી. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં આરોપીએ કુલ ૨૪,૨૭,૩૨૦નો માલ ખરીથો હતો, જેની સામે તેણે રૂપિયા૧૫,૪૪,૧૦૦ જમા કરાવ્યા હતા. આ પછી હિસાબ મુજબ આરોપી નરેશભાઈ પાસે વેપારીના કુલ ૮,૮૩, ૨૨૦ લેણાં નીકળતા હતા. નેહલભાઈએ જ્યારે બાકી રકમની ઉઘરાણી કરી, ત્યારે આરોપી દ્વારા વારંવાર થોડા દિવસમાં આપી દઇશ તેમ કહી ખોટા બહાના બતાવવામાં આવ્યા હતા. લાંબો સમય વીતવા છતાં નાણાં પરત ન મળતા અને વેપારીનો માલ ઓળવી જવાની દાનત જણાતા, અંતે નેહલભાઈએ પોલીસનો આશરો લીધો છે. નેહલભાઈની ફરિયાદના આધારે એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ બી. વી. બોરીસાગરની રાહબરીમાં પીએસઆઈ એસ.આર. ચાવડાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટિની બેઠકમાં ૧૭૫ કરોડના વિકાસ કામોને લીલીઝંડી



તસવીર : ગૌરવ લક્ષ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટિની બેઠક ચેરમેન જયમન ઠાકરની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં ૧૭૫.૬૦ કરોડના નવા વિકાસ કામોને મંજૂરી અપાઈ હતી. આજની બેઠકમાં કુલ ૫૭ દરખાસ્ત રજૂ થઈ હતી તેમાંથી બે દરખાસ્ત હાલ પુરતી પેન્ડીંગ રખાઈ હતી. તેમજ એક દરખાસ્ત રિટેન્ડર કરાઈ હતી.

ખાસ કરીને આજની બેઠકમાં રાજકોટના પ્રદ્યુમનપાર્કના મુલાકાતીઓ પ્રવેશ દ્વારમાં વધારો કરવાની દરખાસ્ત ચૂંટણી વર્ષમાં ફગાવી દેવાઈ હતી. તેમજ લાયન સફારી પાર્કમાં પ્રવેશ દર લોકાર્પણ સમયે નક્કી કરવામાં આવશે તેમ સ્ટેન્ડિંગ કમિટીમાં ઠરાવવામાં આવ્યું હતું. ખાસ કરીને આજે જે દરખાસ્ત રિટેન્ડર કરાઈ છે તેમાં વેસ્ટ ઝોનના વિસ્તારમાં આ જુદા જુદા બગીચાઓ તેમજ સિનિયર સિટિઝન પાર્ક અને બાલક્રિડાંગણની જાળવણી માટેના ટેન્ડરના ભાવ વધુ લાગતા રિટેન્ડર કરાયું છે તેમજ વોર્ડ નં.૧૦માં નવી વોર્ડ ઓફિસ બનાવવાને લઈ જે દરખાસ્ત આવી હતી તે ત્યાંના સ્થાનિક રહેવાસીઓના વિરોધને લઈ મુલત્વી રાખવામાં આવી છે. આજની મળેલી બેઠકમાં સ્ટેન્ડિંગ કમિટીના સદસ્યો તેમજ મનપાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જંગલેશ્વરના ડીમોલીશનમાં પોલીસનો ચાંપતો બંદોબસ્તઃ ૪ ડીસીપી સહિત ૧૨૦૦ થી વધુ પોલીસ જવાનો તૈનાત રહેશે

### શહેર પોલીસે એક મહિના કરતા લાંબા સમયથી તૈયારીઓ આરંભી દીધી, જંગલેશ્વરના તમામ આગેવાનો સાથે પોલીસ મથક અને આરએમસી ઓફિસમાં બેઠકોનો ધમધમાટ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંગલેશ્વર વિસ્તારમાં આગામી સમયમાં રાજકોટનું સંભવિત સૌથી મોટું ડીમોલેશન થવા જઈ રહ્યું છે. ત્યારે કોર્પોરેશન તંત્રની સાથે સાથે પોલીસ વિભાગે પણ તૈયારીઓનો ધમધમાટ છેલ્લા એક મહિનાથી આદર્યો છે. ડીમોલેશન સમયે સુરક્ષ-ામાં કોઈ ચૂક ન રહે તે માટે પોલીસ કમિશ્નરના સુપરવિઝનમા તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. જે ડીમોલેશન વખતે સંભવિત ૪ ડીસીપી સહિત ૧૨૦૦ થી વધું પોલીસ જવાનોનો બંદોબસ્ત તહેનાત કરવામાં આવશે તેવું જાણવા મળી રહ્યું છે.

રાજ્યમાં છેલ્લા કેટલાય સમયથી ખાસ જ્યાં ગેરકાયદેસર બાંધકામ કરી સરકારી જગ્યાઓ પચાવી પાડવામાં આવી હોય કે તે વિસ્તારમાં ગુનાહિત પ્રવૃત્તિઓ પણ સામેલ હોય તેવા વિસ્તારોમાં સરકાર દ્વારા મેગા ડીમોલેશન કરવામાં આવી રહ્યું છે. જેમાં અમદાવાદનું ચંડોળા તળાવ હોય કે સોમનાથ મંદિર આસપાસનું દબાણ હોય કે દેવભૂમિદ્વારકા નજીક ટાપુ પર થયેલ દબાણ હોય જે કડક પોલીસ સુરક્ષા વચ્ચે દૂર કરવામાં આવી રહ્યું છે.

ત્યારે શહેરના જંગલેશ્વર વિસ્તારમાં પણ આગામી સમયમાં રાજકોટ મહાનગર પાલિકા દ્વારા ટીપી રોડ ખુલ્લા કરવાં મેગા ડીમોલેશન કરવામાં આવનાર છે. જે માટે શહેર પોલીસે પણ ડીમોલેશન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે છેલ્લા એક મહિનાથી તૈયારીઓ આરંભી દિધી છે.

પોલીસના આધારભૂત સુત્રોમાંથી મળતી વિગત મુજબ, શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને એડી. સીપી મહેન્દ્ર બગરીયાના સુપરવિઝનમાં શહેર પોલીસ દ્વારા છેલ્લા એક મહિનાથી બંદોબસ્ત માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તેમજ થોડાં સમયથી સક્રિય થયેલ પોલીસે સુરક્ષામાં કોઈ ચૂક ન રહે તે માટે પુર પહેલાં જ પાળ બાંધવાનું શરૂ કરી દિધું હતું. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જંગલેશ્વર વિસ્તારના કેટલાક આગેવાનો અને જે લોકો વિરોધની ભૂમિકામાં પણ આવનાર હોય તે તમામ લોકોને સ્થાનીક પોલીસ મથક અને કોર્પોરેશન ઓફિસ પર બોલાવી આ મેગા ડીમોલેશનમાં સહકાર આપી અવરોધ ન કરવા આપીલ પણ કરી છે.

ઉલ્લેખનીય છે કે, શહેર પોલીસ દ્વારા ભૂતકાળમાં અમદાવાદમાં ચંડોળા તળાવમાં થયેલ ડિમોલેશન, સોમનાથ મંદિર આસપાસના વિસ્તારમાં અને દેવભૂમિ દ્વારકા નજીક આવેલા ટાપુઓમાં થયેલ દબાણ ઉપરના ડીમોલેશનનો પણ અભ્યાસ કરી તૈયારી કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

જંગલેશ્વર વિસ્તારમાં આગામી સમયમાં મેગા ડીમોલેશન થવા જઈ રહ્યું છે, ત્યારે સ્થાનિક પોલીસે મોટા પોલીસ સુરક્ષા વ્યવસ્થાની માગણી કરી છે. જેમાં ૫ ડીસીપી, ૧૭ એસીપી, ૩૫ પીઆઇ ૧૪૦ પીએસઆઇ, ૧૦૦૦ પોલીસ કોન્સ્ટેબલ, એસઆરપીની ૧૧ ટીમ, ડ્રોનની ત્રણ ટીમ, પ્રિઝમ ૨૨ અને ક્યુઆરટીની ત્રણ ટીમોની માંગ કરવામાં આવી છે, જે અંગે હાલ પોલીસ કમિશનર કચેરીએ બંદોબસ્ત માટેની બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે, સાંજ સુધીમાં પોલીસ બંદોબસ્ત નક્કી થઈ જશે અને જરૂર પડ્યે રાજકોટ બહારથી પણ પોલીસ બોલાવાઈ તેવી શક્યતા સેવાઈ રહી છે.ઉપરાંત પોલીસ દ્વારા નવ મામલતદારની પણ માંગ કરવામાં આવી છે.